પ્રસ્તાવના.

આ પુસ્તકમાં ફ્રાન્સ તથા જર્મની દેશોનું નહી, પણ તેઓ વચ્ચે સળગેલી સને ૧૮૭૦ ની ખુનખાર લડાઈનું અગત્યનું પણ ટુંક વર્ણન આપ્યુંછે. આ જબરી લડાઇ કે જેનાં બુરા સપાટામાં આવી એક માહભારત રાજ્ય ઉધું વળ્યું તેનું લખાણ કરતાં કેટલાંક તરતનાં છપાયલાં પુસ્તકો શિવાય મુખ્ય મદદ અને આધાર મીસીઅર્સ કેસલ પીટર અને ગાલપીન નામના વખણાયલા ઈંગલન્ડનાં પુસ્તકો પ્રગટ કરનારાઓએ એ બાબદ ઉપર પોતાની ચિત્ર સુધાની તવારીખ કાહાડીછે તેનો લીધોછે; અને તે આધાર તથા મદદ લેવાને આ ગુજરાતી તવારીખ લખવાને જે પરવાનગી તેઓ તરફથી મળીછે તેટલા માટે તેઓનો આ વેળા ઉપકાર માન્યામાં આવેછે.

આ ગુજરાતી તવારીખ એક મોટાં પુસ્તકનાં આકારમાં કાહાડવા ધારી હતી, પણ તેમ કરતાં વખત ઘણો જોઈએ તેથી તથા હાલ મચેલી લડાઈનો હેવાલ તરત વેળા વાંચ્યામાં ન આવેતો લોકોનો શોક ઉતરી જાય તેથી તથા એક મોટું પુસ્તક ખરીદવાને બધા શોકીનોથી બની ન આવે તેટલા સારૂં આ તવારીખ છુટા છુટા ભાગમાં કાહાડવાનો વિચાર રાખ્યોછે. હાલ તરત પેહેલો ભાગ બાહાર પાડવામાં આવ્યોછે. બિજા ભાગની તૈયારી ચાલેછે અને જેમ ઈંગ્રેજી તવારીખનાં ભાગો નીકળતા જશે ... તેમ આ ગુજરાતી ભાગો બાહેર પડતા જશે. તે ... ગોમાં મોટી કિમતે ઈંગ્લન્ડથી ખાસ મ ગા... જાણવા લાયક અને અસરકારક ચિત્રો મુકવામા... ... અને તેઓની સમજને સારૂ તેઓની નજદીક તેઓને લગતું લખાણ જેમ આ પેહેલા ભાગમાં ...

આ પેહેલા ભાગની કિમત રૂ૧) રાખીછે તે એ ભાગમાં સમાવેલી સઘળી અગત્ય ... બાબતો જોતાં તથા તેમાં આવેલાં સુંદર ચિત્રો તપાસતાં કંઈજ નથી; પણ દેશીઓમાં તવ... વાંચવાનો નવો શોક ઉત્પન્ન કરવા સારૂં તથા દરએક વાંચનારને સેહેલું કરી આપવા ... આ ગુજરાતી તવારીખ છાપી પ્રગટ કરનારાઓએ આ ન્હાની કિમત દરૂસ્ત ધારીછે. છેલાં જણાવવાનું એટલુંજ જરૂરનુંછે કે જયારે ઈંગલન્ડમાં માત્ર એ તવારીખનાં પેહેલા ભ...નીજ આજસુધી નવ આવૃત્તિ નીકળી ચુકીછે અને ત્યાનાં લોકોએ હજારો નકલો ખરીદી ...રો શોક દેખાડયોછે ત્યારે આંનાં શોકીન વાંચનારા કેટલે દરજજે પોતાની ઉલટ દેખાડેછે તેનો આ ગુજરાતી તવારીખનાં ખપ ઉપરથી મુકાબલો કરવામાં આવશે અને આંની પ્રજા તરફથી જેમ વધારે પસંદગી તથા વધારે ઉલટ બતાવેલી જણાશે તેમ બિજા ભાગો વધારે જહડપથી અને ઉલટથી બાહેર પાડવામાં આવશે.

મુંબઈ, દફતર આશકારા
છાપાખાનું. જુલાઈ ૧૮૭૧



પ્રકરણ ૧ લું.

ફ્રાન્સ તથા પ્રુશિયા વચ્ચેની લડાઈનાં આગળાં તથા પાછળાં કારણો—દેશના બચાવ સંબંધી ફ્રાન્સની તૈયાર પ્રુશિયનોની લડાઇ સંબંધી તૈયારી—ફ્રાન્સનો શેહેનશાહ—પ્રિન્સ બિસ્માર્ક—પ્રુશિયાનો રાજા ઉલિયમ—સ્પેનની ગાદી વિશે ઠલો વાંધો—માર-સેલેસનું ગીત—પ્રુશિયા સાથ લડાઇ ઉઠાવવાના ફ્રેન્ચોના વિચાર—પ્રુશિયામાં લડાઇને માટે મચેલી ધામધુમ—લડાઈ સરૂ થતાંજ ફ્રાન્સને મળેલી નાસિપાસી—લૂઇ નેપોલિયનનો પોતાની રૈયતને દીલાસો—પૅરિસમાં ધામધુમ—યુરોપની બિજી પ્રજાઓમાં લડાઇથી ઉપજેલા વિચાર.

"યુદ્ધ ? ભયંકર યુદ્ધ દોડ તુરત અને વિજળિ મિસાલ જઈ પોહોંચ ફ્રાન્સ, જતાં વાર ફુંક તારા ખુનખાર જંગનો તુફાની પવન, તરત કર શીહા પેલા મગરૂર ફ્રાન્સનું બુલંદીએ પોહોચેલું ઝમકતું આકાશ, ચમકાવા સરૂ કર તારાં તુફાનની બાળી નાખતી તેજ વિજળિ. વળી ફાટશે નહી તારા ભારી સેતમનો કાન ફાડતો ગડગડાટ, તેટલામાં તું જોકે હું આવી લાગુછું મારાં શૂરાં સૈન્ય સાથ, ચાલ તરત કર ત્યાંહાં બરપા કરનાયનાં દિલ ધ્રુજાવતા આવાજ કારણકે તૈયારછે મારી પાસ એક મોટું બાહાદુર લશ્કર, તૈયારછે તે સાથ તમામ લશ્કરી સાજ."

આવા હેબતનાક બોલો પેલા બુઢા, પેલા કસાયલા, પેલા લડાઈમાં માહિતગાર, પેલા ધર્મ ઉપર ચુસ્ત પ્રુશિયાના રાજા ઉલિયમનાં મોહોડાંમાંથી નીકળતાંજ જંગનો જહનુની જાસુસ તરત દોડયો, ઓચીતો પકડયો ફ્રાન્સનો બાદશાહ, ફ્રાન્સમાં સળગાવી ડાઈની આગ, કીધાં શેહેરો અને મેહેલો પાયામા
ગીઓ, ભરપૂર જંગલો કીધાં તારા
ગંજાવર મિનારાઓ,
દનાં પુતળાંઓ, ભા
ખુબસુરત

દીવાનખાનાંઓ, સોનેરી બાદશાહી મેહેલો, કંઈક સદીઓનાં એકઠાં કીધેલાં કિંમતી ચિત્રો, તથા જાહોજલાલ શાહ નેપોલિયનની ચહડતી કળાની દરએક નિશાનો પળમાં કીધી નાખ્યું. કંઈક હજારો વર્ષ સુધી પવનનાં ભારી જપાટાની દરકાર નહી કરયા વિના ઉભાં રહેલાં, સેતમ ભરેલાં તુફાનોની ભારી ગાજવીજ તરફ ધિક્કારથી જોતાં તકી રહેલાં પેલા આકાશે પોહોંચેલાં ઓકનાં ઝાડોને જમીન બરાબર કીધાં. હળીઆરીથી હસતાં, શિકારી ભાતભાતનાં જાનવરોથી વસતાં, લીલોતરી ભરેલાં મેદાનોને વેરાન જંગલ બનાવી મુકયાં. કંઈક સેંકડો ગરીબ માતાઓને રડતી કીધી. કંઈક હજારો નિરદોશ બાળકોને રજળતાં મૂકયાં. સ્વચ્છ પાણીનાં ઝરણો સાથ વેહેતી બોહોળી નદીઓને ઠેકાણે લોહીની નેહેરો વેહેતી કીધી; અને ચાર માસની ટુક મુદતમાં મગરૂર, જાહોજલાલી ભરેલું અને શૂરું ફ્રાન્સ નહીં આસા રાખેલા એક જોરમંદ હરીફની સામું સિર નમાવી ઉભું.

લડાઈનાં આગળાં તથા હાલનાં કારણો.

જો બે જહનુની, જંગલી અને બેદાદ પ્રજા પોતાના દિવાનાપણામાં લૂટફાટની મુખ્ય મતલબથી એકબિજા સામે જંગ ઉઠાવેતો તેઓ ઉપર વિચાર બાંધી બંનેમાનાં એકને પણ ઈનસાફ આપવો કઠણ પડશે; પણ યુરોપખંડ જેવા સુધરેલા ભાગની બે આબાદ, મશહૂર અને ચહડતી કળા તથા સુધારાના તેજ કિરણોથી દીપી નીકળેલી પ્રજા કાંઈબી કારણ વગર એકબિજાનાં જીવની તરસી થાય એ ?? આપણને ક્વચિતજ આશા ?? ?? ત્યારે તપાસવાની આપણને ?? ?? કે ફ્રાન્સ અને જર્મની વચ્ચે ઉઠેલી લડા?? ?? શું મોતેબર કારણોછે. તે કારણો ઘણાં અને વિ?? ??છે. તે કારણોમાં પ્રજાનું આગળું તથા હાલનું બુરૂં વે?? ભેળાયલુંછે, તે કારણોમાં એકબિજા ઉપર સરસાસરસી કરવાની હઠીલી હુજત મળેલીછે, તે કારણોમાં અદેખાઈ, લોભ, ગરૂરી અને આંધલી ઝાંઝનો મૂળ પાયોછે.

હવે હાલ મચેલી આવી બોહોળી અને ભયંકાર લડાઈનું પેહેલ વેહેલું કારણ જો શોધવા જઈશું તો તે માટે પ્રાચીન કાળની તવારીખનાં સફા તરફ આપણું ધ્યાન ખેંચવું પડશે. યુરોપખંડની તમામ પ્રજા કેટલાક મોટા ભાગોમાં વેંહેંચાઈ ગએલીછે; અને હાલની સઘળી પ્રજાઓ ?? ??ની ઓલાદ બે ત્રણ જાણીતા નામો સાથે ??રાવેછે. એ સઘળી ઝાતની એક ??છે ?? ?? તે વેંહેંચણી તરફ જોતાં ??ળોમાંથી અને જર્મનો ?? ?? અને મા-

રામારીનું પાપી બી રોપાયલુંછે કે જેનાં બુરાં ઝાડ વખત જવે મોહોટાં થાયછે અને કિનાનાં ફળોથી ભરાઈ જઈ તેનો કડવાસ તેઓનાં વાવનારાની ઉતરતી ઓલાદોને ચખાડેછે. હવે એવું બનતું આવ્યુંછે કે સેલ્ત લોકો ટયુટોનો ઉપર હમેશાં જોરમાં તથા જંગમાં ફાવતાજ આવેલાછે; વાસ્તે એ અસલી ડાઘ મટાડવાને સારૂજ હાલનાં ફ્રેન્ચો પોતાની ચહડતી હાલતમાં અધીરા થઇ રહ્યા હતા. એ ફ્રેન્ચો નસીબની યારીથી દરએક કામમાં ફતેહ પામવા લાગ્યા અને વખત જવે પોતાનાં જોર ઉપર પૂર મુસતાક રહી યુરોપનાં તમામ દેશોને ધ્રુજાવ્યાં. અફીમની જે બુરી અસર માણસોનાં મગજ ઉપર જોર કરી તેઓને દિવાના બનાવી મુકેછે તેનાં કરતાં દમ ઉપર દમ લડાઇમાં ફતેહ મેળવવાની અસર વધારે ભયંકાર થઇ પડેછે. તે અસર માણસનું મન વધારે ફેરવી નાખેછે. તે માણસોમાં એક બુરી અસરથી એક જહનુની ઉલટ પેદા કરેછે. એવી અસર અને ઉલટનાં ભોગ હાલનાં ફ્રેન્ચો થઈ પડયા હતા, પણ એ ઉલટમાં ચકચુર થઈ ગયલા લોકો પોતાની બેભાન અને મગરૂરીની ખુમારીમાં રહેવાની તમેથી આજે એક સાવધ દુશ્મનના હાથે થાપ ખાઈ ગયાછે.

વળી બાજે વખત બે પ્રજા વચ્ચે લડાઇનો સોલો સળગવાનું કારણ બે પ્રજાની હદની નેમણુક પાધરી ન હોવાથી વારેઘડીએ નીપજતું આવ્યુંછે. એવોજ વાંધો ફ્રાન્સ અને જર્મની વચ્ચે ઉઠયો હતો. એ બે રાજયો એકબીજાની પાસેપાસ આવ્યાથી પોતપોતાની હકવાજબી સીમા વિશે વારેઘડીએ કસાકસ?? ??વતા આવ્યાછે. ફ્રાન્સના દક્ષિણ તથા અગ્નિકોણ તરફની સીમા એક બાજુએ સ્પેન તથા બિજી બાજુએ ઈટાલી તરફ આવી એવી રીતે નક્કી થઇ ચુકીછે કે તે વિશે કશોબી વાંધો રહ્યો નથી; પણ જર્મની તરફ વધારે ગોંચલછે. કેટલાક પરગણાં એ બંને દેશોની સીમામાં આવી રહેલાંછે તેથી કરીને ભારે ભાંજગડ ચાલુ રહેલીછે. પેલાં આલસેસ અને લોરેનનાં મોહોટાં પ્રાંત કોઇવાર ફ્રાન્સનાં હાથમાં તો કોઇવાર જર્મનીનાં હાથમાં દાવ ફાવતે ભોગ થઇ પડયાંછે જેનું પરિણામ એવું નિવડયુંછે કે એ બે પ્રાંતોના રહેવાશીઓમાં બે જાતનો ખવાસ, બે જાતનો પેહેરવાસ, અને બે જાતની બોલી પસરેલીછે. આવું ભેળસેળ કામ હોવાથી તેઓ વચ્ચે અદેખાઇનો અને વેરનો વારેઘડીએ ભડકો ઉઠયા કરેછે અને ઘડી ઘડી લડાઇની બોહોણી ઉપર તેઓ આવી જતા હતા. વળી રાહીન જેવી બોહોળી અને વેપારી નદી જે ફ્રાન્સ અને જર્મની વચ્ચે બેધડક વહેછે તેનું માલિકપણું બંને પ્રજા દાવા તરીકે ઉઠાવતી આવીછે, અને તેનો પુરેપુરો ચુકાદો થવા ??વાર એકબારગી જોતાં આ ભારે લડાઇની અગત્ય માલમ પડેછે.

ત્રીજું મોહોટું અને મનમાંથી કદીબી નહી મટે એવું કારણ આજ નજીક પોણોસો વર્ષની વાત ઉપર ફ્રેન્ચો તથા જર્મનોની અરસપરસ નીપજેલી હારમાંથી પેદા થયલુંછે. પેલા શૂરા, પેલા રૂડા, પેલા માહા બળવંત નેપોલિયન બોનાપાર્ટે એક વખત આખા યુરોપને ધ્રુજાવી સને ૧૮૦૬ ની સાલમાં પ્રુશિયાને પણ પોતાના હાથ હેઠલ કાંપતું ઉભું રાખ્યું હતું તેનો ભારે ડાઘ, તથા નસીબનું ચક્કર ફરી જવાથી લીપઝીગની લડાઈમાં ફ્રેન્ચો શિકસ્ત પામવાથી જર્મનોએ થોડો વખત પેરીસમાં પોતાની છાવણી નાખી હતી તેની નામોસી કાહાડી નાખવા સારૂ એ સુતેલી બીનાં પાછી જગાડી બંને પ્રજા એક બીજાને તાનાજનીનાં સખુનોથી મેહેણું મારતી હતી. એ ઉપરાંત વળી સને ૧૮૧૫ માં વાટરલુની સદાકાળ ઈયાદ રહી ગયલી લડાઈમાં ઇંગ્રેજ લોકોએ પ્રુશિયાના શૂરા સરદાર બ્લુશેરની મદદથી પેલા દુનિયાનાં ધ્રુજાવનાર જંગી મર્દ નેપોલિયનને કેદ પકડયો હતો. તેનો ફ્રેન્ચોની છાતીમાં ઉંડો ચોંટી ગયલો કાળો ડાઘ ધોઇ નાખવાને સારૂ ૧૮૭૦ માં ફ્રેન્ચોએ લડાઈની કિસતી ઈબ્રાહેમ જહનુનનાં દરીઆમાં હંકારી, પણ બેનસીબીનાં ખગબા ઉપર અઠડી તરતજ તેઓની કિસતી ભાગી અને નામોસીનાં દરીઆનાં કાળાં પાણીમાં બિંજાઇને ફરીથી ફ્રેન્ચોએ એવા એવા મોટા ડાઘ હાંસલ કીધાછે કે જેની નિશાન ઘણીક સદી સુધી નીકળનાર નથી. ફ્રાન્સ જર્મની તરફ જે કેહેરના ગારમાં ફસેલું હતું તેમાથી એકજ છલંગે ઈ[illegible]હોન. [illegible]ની જવાને બદલે વખત જવે વધારે અને વધારે ફસતું ગયું, પણ સાવધ પ્રુશિયા પોતાની હારથી ચોંકતુંજ રહ્યું. ૧૮૦૬ ની પોતાની મોહોટી નામોસીથી સર્વ જર્મનો એકઅવાજે દેશનો ખરો પ્યાર અને ઓલાદની આબરૂ સાચવવાની ગોઠવણ કરવા સારૂ પોકારવા લાગા. એવા બાલેસ તેઓનાં જુસ્સાને અમીર ઉમરાવોથી, રાજાઓથી અને શાહાથી પુરતો ટેકો મળ્યો. પોતાના વાહાલા દેશનો મજબૂત બચાવ કરવા સારૂ, જબરદસ્ત દુશ્મન ઉપર હોમલો લેઈ જવા સારૂ જર્મનીનો ઉત્તર તરફનો ભાગ એકબીજા સાથ સંપથી મળી ગયો અને પ્રુશિયાના રાજાને ખુદ વડો ગણી તેનાં હુકમ પ્રમાણેજ ચાલવાનો ઠરાવ કર્યો.

જર્મનીનો દક્ષિણ તરફનો ભાગ ઘણાક ન્હાનાં રાજયોમાં વેહેચાઈ ગયલો હતો અને તે ઉપર ન્હાના ન્હાના રાજાઓ રાજ ચલાવવા લાગ્યા કે જેઓને પ્રુશિયાના રાજા સાથ વેપાર વણજ તથા કેટલાક અઘરા રાજદ્વારી વાંધાના ફેસલા કરવા શિવાય કશું લાગતું વળગતું ન હતું. અર્ધી જર્મનીનું દિલ એકમત થવાથીજ પ્રુશિયાનો રાજા ૧૮૬૪ મા ડેનમાર્કને ધ્રુજાવી શકયો. એ ખુબી ભરેલા સંપથી કરીનેજ ૧૮૬૬ માં તેઓએ આસ્ત્રીઆના શાહને નમનતાઇથી હાથ જોડી ઉભો રાખ્યો; એવી એકદિલીથીજ સોડોવાની ભારી લડાઇમાં પ્રુશિયનોએ નામ કાહાડયું. આટલી બધી પ્રુશિયનોની ફતેહ જોઈ ફ્રાન્સનો કીડો અદેખાઈનો મરજથી કરડવા લાગો. જર્મની ઉપર જીતનો ખોરશેદ તેજથી પ્રકાશતો જોઈ ફ્રાન્સના શાહ ત્રીજા નેપોલિયનની આંખો ખુનનાં આતશથી રોશન થાઈ રહી. પણ પેલા ફાવી ગયલા પ્રુશિયનો સામે ટકી શકવાની પોતાની, પોતાના લશ્કરની તથા પોતાની રૈયતની તદન શકિત નથી એવું ધારીનેજ તેણે તરત વેળા અખાડા કરવા માંડયા અને હર પલે તક ફાવતે એક બિલાડીની માફક ઉંદર ઉપર તરાપ મારવા તલસી રહયો; પણ બનાવ એવો બન્યો કે જે છટકો ફ્રાન્સની બિલાડીએ માંડયો હતો તેમાથી જર્મનીનો સાવધ ઉંદર છટકી ગયો અને તેજ છટકામાં સામી ફ્રાન્સની બિલાડી સપડાઈ ગઈ.

વળી લુઈ નેપોલિયનને એવીબી આશા હતી કે જર્મનીનો દક્ષિણ તરફનો ભાગ તદન અલાહેદોજ હોવાથી કદાચ પ્રુશિયાની સામે તેની મદદે આવશે પણ તેમાંબી તે ઠગાયો. દક્ષિણ જર્મની મોહોબતથી ખેંચાઈ ઉત્તરને મળી ગયું. એ મેળાપ કરનારો કોણ હતો? પેલો બાહોશ, પેલો રાજદરબારમાં પૂર માહેર, પેલો હરએક કામમાં કારસલાર બુદ્ધીવંત બિસ્માર્ક હતો. એ બુઢા ખટપટીઆએ આખા યુરોપના રાજદરબારી ચપળ મનના નેપોલિયનને ઉલથાપ આપીછે. એજ કળા કુશળથી બ[illegible]બર્ગ અને રાહીન નદીની આસપાસના કેટલાંક પ્રાંતો [illegible] આપવા કબુલ થાઈ હાથચાલાકી બતાવી ગયોછે. ત્યારે [illegible]ચાર કરીએ કે નેપોલિયન બિસમાર્ક ઉપર તથ[illegible]નો ઉપર કેટલો કફા થવો જોઇએ. પણ અફસોસ [illegible] બન્યુંછે કે પોતાના કફાની ખાતર મુદ્દઈનાં કપડાં [illegible]તાં તે અભાગ્યા શાહે પોતાની આબરૂનાં જબાને [illegible]રી નાખ્યોછે.

ફ્રાન્સને આપવા કબૂલેલાં પ્રાંતોના બાણીઆજી જર્મનીએ અખાડા કરવાથી તથા ફુરતાજી બિસ્માર્ક ફ્રેન્ચોને ઠગી ગયો તેથી ફ્રાન્સનો કેહેર સમાયો જતો નહીં હતો; પણ તે વખતે લડાઇનો હિંગામ ઉઠાવી લેવાના ઉપાય પુરતા નથી એવું જાણીને બંને બારદુવાળા જંગની બોહોણી ઉપર આવી જતા અટકી ગયા અને આવતું વાદલ ફાટે તેની આગમચ ખુબ તૈયારીઓ કરવા લાગ્યા પણ અંતે ફ્રાન્સ હારનાં વરસાદથી ભિંજાયું અને જર્મની ભર મોસમમાં સલામત નીકળી આવ્યું.

દેશના બચાવ સંબંધી [illegible]

સને ૧૮૬૮ મ[illegible]

પસાર થયું કે

૧૮૦૫

શ્કર તૈયાર રાખવાનો ઠરાવ થયો. એ લશ્કરમાં બીજા નજદીક ચાર લાખ "નેશનલ ગાર્ડસ" ઉમેરવામાં આવ્યા. દેશના બચાવને માટે રૈયતમાથી ચુંટી કાહાડેલા જે શિપાઇઓ તે ઉપલા નામે ફ્રાન્સમાં ઓલખાયછે. એવા શિપાઇઓ પેહેલ વેહેલાં સને ૧૭૮૯ ના ફ્રાન્સમા મચેલા મોહોટા બળવાની વેળાએ ઉભા કર્યા હતા. વળી ઉપલા બિલથી એવો બીજો ઠરાવ થયો કે નવા ચુંટી કાહાડેલા શિપાઇઓએ નવ યા સાડાનવ વર્ષ સુધી દેશની ચાકરીમાં સામેલ રેહેવું અને વેરો નાખી દર વર્ષ રૈયતમાંથી એક લાખ માણસને ઉભું કરવું. એ નેમણુકનું પ્રમાણ રૈયતનાં દર ૩૭૦ માણસે એકનું થતું હતું. દર વર્ષ જે એક લાખ શિપાઇઓ ચુંટી કાહાડયા હોય તેઓમાંથી ૭૦૦૦૦ માણસોએ પેહેલાં પાંચ વર્ષ સુધી લશ્કરી ઝુંડા હેઠલ બરોબર ચાકરી કરવી અને પાછલાં ચાર વર્ષ કોઈબી અડાબિડીની વેળા સારૂ અલગ રાખવા. બીજા જે ૩૦૦૦૦ હજાર શિપાઈ રહયા તેઓએ સલાહ સંપજની વખતે કશી નોકરી બજાવવી નહી; પણ પેહેલાં બે વર્ષ પુરાં થાય ત્યાંસુધી દર વર્ષમાં દર પાંચ પાંચ મહિના લશ્કરી કવાયત લેવી અને લશ્કરની સાથે લડાઈની વખતે એઓને સામેલ કરવા. પેલા નેશનલ ગાર્ડસએ પાંચ વર્ષ સુધી લશ્કરી હથિયાર બાંધવાં અને તેટલા વખતમાં બનતી થોડી થોડી કવાયત લેવી; અને લડાઈની વેલાએ પોહોરેગીરીને ઓરાક તપાસવા, સ્વદેશી લાવ લઇજાવ કરવા અથવા ખુદ લશ્કર જે હોય ત જો કોતા થતું ચાલ્યું તો તેઓની જગા [illegible] રાખવા. પણ એ શિ[illegible] લડાઇમાં તો વારેઘડીએ નકામ. [illegible] પડયાછે. કારણ કે એઓને જોઈતી કવાયત ન[illegible]ી તેથી અણઘડ જેવા લડાઈની વખતે જોયા કરેછે [illegible] મદદ કરવાને બદલે સામા બોજા દાખલ થઈ [illegible].

પ્રુશિયનોની લડાઈ સંબંધી તૈયારી.

આખો પ્રુશિયા તથા ઉત્તર જર્મની મળી રૈયતનો આકડો ત્રણ કરોડનો થાયછે અને દર વર્ષ વેરો નાખી જે એક લાખ માણસ ઉભું કરવામાં આવેછે તેનું પ્રમાણ ત્રણસો માણસોએ એકનું આવેછે. વીસ વર્ષની વયે પુગેના જુવાનોનેજ ચુંટી કાહાડવામાં આવેછે. લશ્કરી નોકરીને સારૂ દરએકને માટે બાર વર્ષ ઠેરવેલાંછે. એ બાર વર્ષમાંથી પેહેલાં ત્રણ વર્ષતો લશ્કરી ઝુંડા હેઠલ બજાવ[illegible] [illegible]જારવાં પડેછે. બાજાં ચાર વર્ષ સુધીતો [illegible]તો કામે લગાડવા સારૂ રાખી મુકેછે; [illegible] [illegible]માં તે વખતે જોઇયેતો તેઓ [illegible]તો દેશના બચાવ [illegible] દર વર્ષ ચુંટી કાહાડતાં એક લાખ કરતાં વીશ વર્ષના જુવાનોની સંખ્યા વધી ગઇતો તેવા માણસોને લશ્કરી ચાકરીથી બાતલ કરવામાં આવેછે, પણ જો તેટલાં લડાઈ ઉભી થઇ તો તેમાં સામેલ થવાની તેઓને ફરજ પડેછે. એવાં લશ્કરી બંધારણની એવી ખુબી ભરેલી અસરછે કે જયારે લડાઈ ઉભી થાયછે ત્યારે જેટલું લશ્કર કવાયત લીધેલું તૈયાર હોયછે તેટલુંજ બીજું અલાહેદું રાખી મૂકેલું જમાવ કરવામાં આવેછે જેથી સંખ્યામાં બેવડો ઉમેરો થાયછે. આવા રાજયનાં ખુબી ભરેલા બંધારણ ઉપરથી સાફ જાહેર થાયછે કે જર્મનનો દરએક શખ્સ થોડો ઘણો વખત શિપાઈગીરી કરેછે, અને એવા શુભ કાયદાના ભલા પરિણામ હાલ આપણે જોઇયે છૈયે.

ફ્રાન્સનો શેહેનશાહ.

૧૯ મી સદીની અંદર બે ચબરાક રાજકારભારી ખટપટીઆ કળા કુશળની સેતરંજ માંડી બેઠા હતા તેમાં પેલો ઘોરમાં જવા તૈયાર થયલો બિસ્માર્ક શાહા નેપોલિયનને સેહેજમાં માહાત કરી ગયોછે. આખા જર્મની અને પ્રુશિયાનાં લોકોનું સુકાન ફેરવનાર એજ ધણીછે. રાજા ઉલિયમતો માત્ર નામનોજ નાબોદાછે. પણ જુઓ કે પેલો જાહોજલાલી ભરેલો શાહ જે એક વખતે આખાં યુરોપનો ચુકાદો કરનાર હતો; જેણે ૧૮૫૬ માં રૂશિયા જેવાં બળવંત રાજયને નરમ કરી નાખ્યું હતું, જેની મોહોટી ફતેહ ઓસ્ત્રિયા ઉપર સને ૧૮૫૯ માં થઇ હતી, જેણે દુ:ખની તથા જુલમની [illegible] અંચાલો ઘટાલી દેશ છુટાપણાનાં મેદાનમાં છોડી દીધો હતો, જેની ઉપર લગભગ પોણું યુરોપ પોતાના પિતા તરીકે જોતું હતું, જેનો દોર, જેનું નામ ચીન દેશ સુધી મશહૂર થયું હતું તે ધણી એક લેહેજામાં બુઢા બિસ્માર્કથી છક્કડ ખાઈ ગયોછે; પણ શાહાની નામોસીનાં બીજાં ઘણાં કારણો દેખીતાંછે. નેપોલિયનની ચહડતીનો વાવટો સને ૧૮૬૩ સુધી વગર ઝાંખ પોહોંચવે બુલંદીએ ચહડી ઉડતો હતો તે વખત જવે સ્થિર થવા લાગ્યો. રૂશિયાની સામે ગરીબ બિચારા પોલાંડનાં રેહેવાશીઓને, તથા પ્રુશિયા અને ઓસ્ત્રીઆની સામે વલંદા લોકોને મદદ ન કરવાથી યુરોપનું મન શાહ તરફથી ફરયું. ગરીબ રાજયોના પિતાનું હાંસલ કીધેલું નામ ત્રીજા નેપોલિયને ખોઈ દીધું. વળી એ ઉપરાંત કોઈ કમબખ્ત વખતે ઉઠાવેલાં વિકટ કામથી તેણે પોતાની કીર્તી પુરીજ ખોઈ. જે કામથી ફ્રેન્ચોને જગતમાં મોટી હાણી પોહોંચી અને શાહ તરફ રૈયત પોતે ઉશ્કેરાઈ. એ દુ:ખદાયક બનાવ સને ૧૮૬૪ માં અમેરિકામાં મેક્સિકો મધે બન્યો.

ઓસ્ત્રીઆના શાહાના ભાઈ મેક્સિમિલિયનને પોતાની મોટી ફોજ સાથ નેપોલિયને મેક્સિકો રવાના



શેહેનશાહા,
૭મો.

કરી ત્યાંની શાહાનશાત અપાવી. પણ તે બિચારા કમતાલિનાં રાજવંશીનો હંમેશનો બચાવ કરનાર એ રહી શક્યો નહી. પોતાના બાહાદુર લશ્કરની હીનપસતી ભરી હાર અમેરિકનોથી થયલી ચુપકીદીથી જોયાથી તથા પોતાની ઓહદધરીમાં મોકલેલા રાજાનું કમતાલિનું મોત દરકાર વગર જોયા કરવાથી શું ફ્રેન્ચો કે શું તમામ યુરોપ, શું દોસ્તો કે શું મુદઇઓનો મિજાજ ફરી ગયો. પોતાનીજ પ્રજા શાહાની ઉપર કફા થઈ અને આસ્તે આસ્તે શાહ પોતેજ પોતાનો ઓજ ખોવા લાગ્યો. વખત જેમ જતો ગયો તેમ લોકો વધારે બેદિલ થવા લાગ્યાં. શાહાનશાતના મદદ કરનારાઓ ઓછા થવા લાગ્યા. આવો મામલો જોઈ ડાહાપણ વાળો નેપોલિયન ઘણીક બાબતોમાં પોતાની રૈયત સાથ મળી ગયો. તેઓને મનપસંદ કેટલાક ફેરફાર કીધા અને રાજદરબારનું કામ ઇંગ્લન્ડની માફક આમના જેવીજ એક સભાથી ચાલવાને તેણે પરવાનગી આપી. આટલું થવા છતાંબી શેહનશાહતનું જોર કંઈ ઘણું કમી થયું નહી હતું. એવું થવા પછીબી ઘણાક બખેડા કંઈક સેહેજવારમાં શાહે દાબી નાખ્યા. પણ નસીબનું ચક્કર કયાં કયાં ફરી સર્વનું સત્યાનાશ વાળેછે તેનો તાજુબી ભરેલો દાખલો શાહા ત્રીજા નેપોલિયનનો લેવો. પેલા દુનિયાને ધ્રુજાવનાર નેપોલિયન બોનાપાર્ટના રૂડાં ખાનદાનથી ઉતરેલો, પેલા જાહાંન આશકાર સેનાપતિ અને શેહનશાહનું નામ તથા ખાનદાન પાછું તાજું [illegible] ત્રીજો નેપોલિયન આજ પદભ્રષ્ટ થઇ કેવો જમાનાની જંજીરમાં જકરાયોછે. એ ધણીનું એક વખત સર્વને પ્યારૂં પણ હાલ કમબખ્તીનાં જોરે અકારૂં થયલું ચિત્ર અહિંયાં આપિયે છિયે કે તેની ઝગમગતી પેશાની ઉપર આજ બુરી દશાનો પવન ફુકતો જોઈ દુનિયાને જમાનાંના દોરનો ધડો મળે. જે વખતે બોનાપાર્ટ આખું યુરોપ હાથ કરી તે કયાંહાં સુધી જાળવી રાખીશ યા મારા મરણ પછી મારો વારસ કોણને બનાવીશ એવા ભારી અંદેશામાં હતો તે વખતે તા૦ ૨૦ મી એપ્રિલ સને ૧૮૦૮ માં એક મુબારક રોજે તેને ખુશ ખબર મળી કે તેનો ભાઈ હોલંડના રાજા લુઇને પેટે એક માહાતાબ સરખો બેટો તવલુદ થયોછે. આ ખબર શાંભળતાંજ બોનાપાર્ટ કુદયો, તેનો હરખ સમાયો નહી, કારણ કે તેનું નામ જાળવનાર એક રૂડું ફળ પોતાના વાંઝિયાં ઝાડ ઉપર ઉગી નીકળ્યું. વાટરલુમાં બોનાપાર્ટની હાર થવા પછી એ બાળક સ્વિતઝરલાંડમાં ગયો જ્યાં સર્વ બાબતોમાં પુરતી તરબિયત લઇ આહોશ થયો. સને ૧૮૩૦ માં જ્યારે ફ્રાન્સમાં નવો બલવો ઉઠયો જે વેળા નેપોલિયને ગાદીનો દાવો કીધો. એ દાવો સાંભળતાંજ લુઈ ફિલિપ જે ફ્રાન્સની ગાદી ઉપર આવ્યો હતો તેણે એ ઉજડ છોકરાને દેશનિકાળ કરાવ્યો. જ્યાંથી તે ઇટાલી જઇ ઓસ્ત્રીઅનો સામે લડી સ્વતંત્ર થવા ઇટાલીના રાજ્યોને ઉસ્કેરી તેઓનો સરદાર થયો. પણ ઓસ્ત્રીઆનું લશ્કર સામે ચહડી આવ્યું તેથી તે નાઠો અને સ્ટ્રાસ્બર્ગ શેહેરમાં આવી પોહોંતો જ્યાં પોતાના કાકા નેપોલિયન બોનાપાર્ટના કેટલાક આગળા સરદારોને મળી ગયો. પણ એક ફ્રેન્ચ સરદારે તેની સામે થઇ તેને કેદ કરાવી પેરીસ ખાતે મોકળી દીધો. આવી સ્વપ્ના સરખી આ નાદાન છોકરાની કોશેશ જોઈ ફ્રાન્સના લોકો તેહને હસવા લાગ્યા અને સરકારે એવો ઠરાવ કીધો કે કોઈબી બખેડો યુરોપ[illegible] રહી એ છોકરો ઉભો નહી કરે તેટલા માટે તેને અમેરિકા મોકલી દેવો. આ હોકમ પ્રમાણે ગરીબ લુઇને અમેરિકા જવું પડયું જ્યાંથી થોડા વખતમાં પોતાની માતાનું મોત સાંભળતાંજ તે પાછો સ્વીતઝરલાંડમાં આવ્યો જ્યાં આવવાની ખબર પોહોંચતાંજ ફ્રેન્ચ સરકારે તેને ત્યાંથી કાહાડી મૂકવાનું ફરમાન મોકલ્યું જે સાંભળતાંજ લુઈ ઇંગ્લન્ડમાં આવ્યો ત્યાંહાં કેટલોક પૈસો જમાવ કરી પાછો થોડાંક લશ્કર સાથ ફ્રાન્સ ઉપર ચહડાઈ કરી ગયો પણ પોતાની બચ્ચાં જેવી રમતમાં તે નિષફળ થતાંજ તેને ફ્રેન્ચોએ પકડી કેદ કીધો જ્યાંથી તે એક મજુરનાં પોશાકમાં નાઠો અને પાછો ઇંગ્લન્ડ આવી પોહોંતો જ્યાંહાં પોલીસની ચાકરીમાં તે રહયો. હવે બનાવ એવો બન્યો કે જેથી લુઈ નેપોલિયનનાં દુઃખનું બધું વાદળ ઉતરી ગયું અ[illegible]ની ચહડતીનો આફતાબ તેનાં તાલે ઉપર પ્રકાશ્યો. [illegible]ને ૧૮૪૮ માં બળવો થવાથી તે ફ્રાન્સ આવી લાગો. [illegible]ફિલિપ ફ્રાન્સનો બા[illegible]શાહ રૈયતના દોરથી નાઠો. પ્રજાસતાક રા[illegible] સ્થાપ્યું તેમાં લુઈ નેપોલિયનને આગળા બોનાપ[illegible]. ખાતરદારીને સારૂં ચાહા બતાવી લોકોએ રા[illegible]ડળીનાં વડા તરીકે નેમ્યો. એ ઉપરથી નેપોલિયને પોતાનો બનતો વગ ચલાવ્યો. લશ્કરને પોતાને હાથ કરી લીધું અને સર્વ કામ મક્કમ પાયા ઉપર ઉભું કરી સને ૧૮૫૨ માં તેણે પોતાના દુશમનોને એકદમ કેદ કરાવ્યા. લશ્કરની મદદથી બળવો ઉઠતો તે દાબી નાખવા લાગ્યો અને ૧૮૫૨ નાં ડિસેમ્બર મહિનામા તે પોતાના લશ્કર અને રૈયતની અરજથી ફ્રાન્સની ગાદી ઉપર બેઠો. નજદીક ૧૮ વર્ષ સુધી પુર જાહોજલાલીમાં રાજ કીધું, તહરેવાર ફેરફાર કીધા, સુધારાના સાથીમાં પોતાનું નામ અપાવ્યું, પેરીસને દુનિયાનું બાગેબેહેશત બનાવ્યું અને [illegible]
બની બુરી ચાલથી આજ કેદીની [illegible]
પકડી બેઠોછે અને હજુર [illegible]
કરેછે કે કોઈ વ[illegible]
આગળી

પ્રિન્સ બિસ્માર્ક.

૧૮૭૦ માં લગભગ આખું પેરીસ રણમાં ઉત્તરવાને ઉત્તરમાં આવ્યું તે વેળા પેલો કાવાદાવા વાળો ચપળ મનનો જાણીતો બિસ્માર્ક નેપોલિયનનાં લોહીનો તરસ્યો થઈ રહ્યો હતો. એ કઠ્ઠળ મર્દ દુનિયાદારીની સખ્ત હરણી ઉપર અજમાએશનાં હથોડાથી કુટાઇ કુટાઇને લડાઇને વખતે ૫૭ વર્ષની જઈફ ઉમરે પુગો હતો. પોતાની જિંદગીનો ઘણોખરો ભાગ એ ધણીએ લશ્કરમાં ગુજારયો હતો. રાજદરબારી કામોમાં છુટથી વિચાર આપવાને તે અસલથીજ સામે હતો. પ્રુશિયા તરફથી એલચી તરીકે તે ઓસ્ત્રીઆમાં, રૂશિયામાં તથા ફ્રાન્સમાં રહી ત્યાંની તમામ રીતભાતથી માહિતગાર થયો હતો. વળી નજદીક દશ વર્ષ પેરીસમાં રહી એ કળાકોશલ્ય વાળો ધણી શાહની તથા ફ્રેન્ચ લોકોની તમામ બારીકમાં બારીક કારકીર્દીથી વાકેફગાર થયો હતો જેનો મોટો લાભ આએ લડાઈની વખતે લીધોછે.



પ્રિન્શ બિસ્માર્ક.

૧૮૬૨ માં બિસ્માર્ક સર્વથી ઉંચે દરજજે ચહડયો. એ
વેળા તેને પ્રુશિયા કૌન્શિલનો વડો અને પારકા દેશો
સાથ સંબંધ ચલાવવાને સારૂ મુખ્ય પ્રધાન ઠેરવ્યો.
રાજા ઉલિયમને તે દરએક બાબતે મળતો
અને સુરત મનથી ટેકો આપી
લશ્કર કેમ ઉભું કરવું, તેનું
ઉપયોગ કરવો એ
નો ઓ-
સ્ત્રીઆ અને ડેન્માર્ક ઉપર ફતેહ પામ્યાછે. બિસ્માર્કથીજ ફ્રાન્સ આજ ઉંધું વળ્યુંછે; અને આજે આખા યુરોપમાં બલકે તમામ સુધરેલી દુનિયામાં એ રાજદરબારીનું નામ ખબરદારીમાં, કળા કોશલ્યમાં, ઠગ વિદ્યામાં, આપત્તિયારીમાં અને જીતમાં મશહુર થયું છે. એવા ધણીનું ચિત્ર અહિંયાં બિરાજતું કીધુંછે અને ખાતરીછે કે તે તરફ કોઇપણ શખ્સ આતુરતા અને અજાએબી સાથ જોયા વિના રહેશે નહી.

પ્રુશિયાનો રાજા ઉલિયમ.

આએ બિનાતો સર્વને જાણીતીછે કે રાજા ઉલિયમ પોતાની પુરતી બાહોસી, પુરતી જાહોજલાલી અને પુરતી આપખુદી સુધાં તેનાં દેશનો સર્વ કારભાર, સર્વ ખટપટ, સર્વ ઉથલ પાથલનું ચક્ર બિસ્માર્ક સાહેબજ ફેરવેછે. એ રાજા આજ નજદીક પોણોસો વર્ષની જઇફ ઉમરે પુગેલોછે તોબી લડાઈની વખતે તેજી ઘોડા ઉપર સવાર થવાને, રાજા તરીકે જોઈતી કાળજી બતાવવાને, રૈયતનાં તમામ સુખો જાળવી રાખવાને કશીબી પછાત જણાતો નથી. બુઢા અંગ સાથ જુવાનીનું લોહી, જુવાનીની ઉલટ અને જુવાનીનાં જોરની ઝાંખી થતા



પ્રુશિયાનો રાજા ઉલિયમ.

નિશાનો હજુ તેનામાં દીસેછે; ઉપર આપેલું તેનું મુબારક ચિત્ર જેની આબેહૂબ ગોવાહી આપી શકશે. એ રાજા સ્વભાવે ઘણો અસીલછે. ધર્મ ઉપર પુર ચુસ્તછે. રૈયતની સલામતી તેના મગજમાં સદા રમી રહીછે. આ ભયંકાર લડાઈમાં ઉત્તરતાં વારેઘડીએ એણે બંદગીનાં મુકામો ઉપર તથા જાહેર સભાઓમાં જણાવ્યુંછે કે માત્ર તેને ફરજ પડવાથી લડાઈનું કાળું મોહાડું તે જોયછે. એ રાજાને લશ્કરી કવાયત
૧૮૧૫ માં જ્યારે પ્રુશિયનોએ બ્લ
સરદારી હેઠલ પેરીસમાં
પોતાની જુવાનીનાં
સામેલ હતે

ઘડાઇ એ છેક ૧૮૬૧ માં પ્રુશિયાની ગાદી ઉપર આવ્યો હતો અને તખ્ત ઉપર બેસતી વખતે સાફ જાહેર કીધું હતું કે "હું ખોદાની મેહેરબાનીથીજ રાજ કરવાને લાયક થયોછું."

સ્પેનની ગાદી વિષે ઉઠેલો વાંધો.

જોકે ફ્રાન્સ અને પ્રુશિયા એકબીજાનાં લોહીનાં અધીરા થઇ રહયા હતા, જોકે બંને બારદુવાળાઓ લશ્કર તથા હથીઆરોને લગતી જોઇતી તૈયારીઓ ચલાવતા હતા તોપણ વગર વિચારે એકદમ જંગનો ભડકો સલગાવી દેવાની એકેની ખાહેસ હતી નહી. સર્વ ઠેકાણે સલાહ સંપ તથા ચુપકીદીનું રાજ મચેલું હોય એવું જણાતું હતું. પણ જે ચિનગારી છુપી છુપી ફ્રાન્સના ચુલામાં પડી પજવ્યા કરતી હતી તે એકદમ જર્મનીનાં તુફાની પવનનાં ઝપાટા સાથ સળગી ઉઠી અને એવો મોટો ભડકો થયો કે તેમાં અરધું ફ્રાન્સ બળી મુવું.

૧૮૭૦ નાં જુલાઈ મહિનામાં એક નાખુશ ખબર ઠામેઠામ પળવારમાં પસરી ગઇ કે પ્રુશિયાનો રાજા, હોયનઝોલર્નનાં ખાનદાનના શાહાજાદા લ્યોપોલ્ડને સ્પેનની ગાદી ઉપર બેસાડવાની જોસતજો કરેછે. અહિયાં વાંચનારને જણાવવું જોઇયેછે કે રાજા ઉલિયમ પોતે હોયનઝોલર્નનાં ખાનદાનથી ઉતરેલોછે અને સ્પેનની ગાદી કે જે ૧૮૬૮ માં ત્યાંહાં મચેલા બલવા[illegible] ખાલી પડી હતી તે ઉપર પોતાના એક ખેશીને [illegible] મંડયો હતો કે જો તેમાં તે ફાવેતો પો[illegible] [illegible]જનું બળ બેવડું થાય; અને પ[illegible] સાથ મળી જઇ કોઇ દહાડો આખાં યુરોપને [illegible] શકે. પણ યુરોપમાં જે પાંચ મોટાં રાજયોછે અને જેઓમાં "બેલેન્સ ઓવ પાવર" નું ખુબી ભરેલું બંધારણછે તેની રૂએ એ કામ પ્રુશિયાના શાહાથી કદી બની શકે નહીં. એ રાજયો વચ્ચે એવો કોલકરારછે કે જો કોઈબી ન્હાના રાજયની ગાદી ખાલી પડેતો તે ઉપર કોઇ બીજાં ન્હાના રાજ્યનાં વારસને યા હકુમત ચલાવનારને લાવી બેસાડવો કે કદાચિત જો તે બંને ન્હાના રાજયો સાથે મળી જાય તોબી યુરોપનાં બીજા મોહોટાં રાજયોને તેઓની ધાસ્તી રહેજ નહીં. માટે આવા એકરાર તરફ જોતાં પ્રુશિયાનો દાવો તદન ગેરવાજબી હતો અને તેની સામે વાજબીપણે ફ્રાન્સ થયું. આગળ પાછળનાં સામટાં કારણોની એકંદર અ[illegible]ને જેનું પરિણામ લડાઇમાં નીપજયું. એ [illegible]ની ખંચાઈ દેખીતી રીતે જણાયછે. [illegible] એ સ્પેનની ગાદી વિષેની [illegible]એલચીએ બિસ્માર્કને [illegible] શાહાજાદાને સ્પેનની ગાદી ઉપર બેસાડવાનો પ્રુશિયાનો વિચાર ભુલ ભરેલોછે અને તે ફ્રાન્સ કોઇબી રીતે અમલમાં આવવા દેશે નહી. એ વાત સાંભળતાંજ લુચ્ચા બિસ્માર્કે પોતેજ જણાવ્યું કે અલબત એ વાત બનશેજ નહીં. એવું જાહેર કરવા છતાં પ્રુશિયનોએ જયારે સાફ જોયું કે લડાઇ તો થવીજ જોઇયે ત્યારે આગમજથી સર્વ તૈયારીઓ કરી રાખી. પાછો દાવો ઉઠાવ્યો, ફ્રાન્સની હુલ્લડાઇનો લાભ લીધો અને જોકે પોતાના દાવામાં ફતેહતો નહીંજ પામ્યા તોબી ફ્રાન્સનો મરડાટ તોડયો અને આગલું વેર લઈ લીધું. એકબારગી જોતાં રાજદરબારોનો તો રવૈયોજછે કે પોતાના લાભને ખાતર તરેહવાર યુક્તિઓ લગાડવી; પણ એક બિના સાફ જાહેરમાં ના પાડી તેનો દાવો એકદમ તક મળતે કરવો અને તે ઉપર લાભ લેવો એમાં પ્રુશિયાની મોટી ઠગાઇછે.

જે ધણીને સ્પેનની ગાદી ઉપર બેસાડવા ધારયો હતો તે ધણી પોર્ટુગાલના રાજાની બેન સાથ પરણી ગયોછે. પ્રુશિયાનાં લશ્કરમાં તે હાલ એક સેપેસાલારછે અને તેની વય ૩૫ વર્ષનીછે. એ ધણી રાજા ઉલિયમ વિષે બીજીજ તાલ રમતો હતો તે જાહેર કરવાને જરાબી આંચકો ખાતો નહીં હતો કે હોયનઝોલર્નને એક એશી તરીકે ગણી અતલગની મારી સગાઇને લીધે સ્પેનની ગાદી ઉપર બેસાડવાની તજવીજ કરવું નહીં કે પ્રુશિયાનાં બાદશાહ ઉલિયમ તરીકે. બુઢા ઉલિયમની આવી ચાલ ચળણથી ફ્રેન્ચોના શકુન [illegible] પગ આવ્યો. એ બાબતસર તરેહવાર ભાંજઘડો ચાલી. ફ્રેન્ચ એલચીએ રાજાની મુલાકાત ચાહી જે એક વખત બાહાલ રાખવા બાદ બીજી વખતે ના પાડી એથી અપમાનનો ડાઘ ફ્રેન્ચોને ચોંટયો. પ્રુશિયામાથી એલચી પોતાનું મથક ઉઠાવી ચાલ્યો અને જરાવારમાં ફ્રાન્સમાં ઘભરાટ મચી રહયો. સર્વ ઠેકાણે લડાઇ લડાઇ એવા ભયંકાર અવાજ સંભળાવા લાગ્યા. ફ્રેન્ચ સેનેટમાં એકદમ લડાઇ ચલાવા સારૂ પચાસ કરોડ રૂપીઆ જમાવ કરવાનું બિલ પસાર થયું. ગુસ્સા, વેર અને જહનુનથી તમામ પેરીસ લડાઇનું નામ સાંભળતાંજ દિવાનું બન્યું. "પ્રુશિયા ફના થજો, ફ્રાન્સ જુગજુગ જીવજો." એવા તોફાની આવાજો રસ્તે રસ્તે લોકોનાં મોહોડાંમાથી નીકળવા લાગ્યા. લોકો એટળાતો હર્ષમાં આવી ગયા કે ચાલો ચાલો બર્લીન જઇયે, દુશમનોને તારાજ કરીએ, એવા પોકાર સાથ પેલું મારસેલિસનું જાણીતું ગીત રાત દહાડો ગાવા લાગ્યા. એ ગીતની શું મતલબછે યા એ ગીત સાંભળતાં ફ્રેન્ચો કેવા ઉશ્કેરાયછે તે અગત્યનું ધારી એ ગીત કયી વખતે જોડાયું અને કેમ જોડાયું તેનો ટુકો હેવાલ આ વખતે અહિયાં આપેયોછે.

મારસેલેસનું ગીત.

ગઇ સદીની આખરે ફ્રાન્સમા ઉઠેલા બળવાની શરૂઆત હજીતો થઈ હતી તે વેળાએ તે દેશની દક્ષિણે આવેલા મારસેલ્સ શેહેરના એક ખુબસુરત બાગમા ચિંતાતુર ચેહેરા સાથ એક જુવાન વયનો નાતવાન અમલદાર સમીસાંજની થંડી લેહેરીમાં મનમાં ગીત ગાતો પસાર કરતો હતો. બાજુના એક મોહોટાં ઘરની બારીએથી એક ઓરત તે ગીતનો સાદ સાંભળવાને આતુર ડોકાવતી હતી. પેલો નાસિપાસ અમલદાર આ રીતે એક સારા દેખાવવાળી સ્ત્રીનું ધ્યાન પોતા તરફ ખેંચાયલું જોઇ એવું સમજયો કે મારા બરબડવાથી તેણીને હરકત થઇ હશે, અને એટલા માટે ધ્રુજતે અવાજે તેણીની માફ માગી. તેણીએ કહ્યું "ના જરાબી હરકત નહીં; મને ગાયનનો પુષ્કળ શોખછે અને તમારાં ગીત મને તદન નવાં લાગેછે. મેહેરબાની કરી કહેશો એ કોણે જોડયાંછે?" દલગીર ચેહેરેના અમલદારે ઉત્તર વાલ્યો "બાનું મેં પોતે." પેલી ઓરતે પાછું પૂછયું "અને શું તમોએ તેમને હજી છપાવ્યાં નથી?" અમલદાર અર્ધો બરબડતો બોલ્યો "ના, અને હવે હું તેમ કરવાને કદી તજવીજ કરનાર નથી." પેલીએ તરતજ સલામ કરી પોતાની બારી ઢાંકી, અને પેલો નાસિપાસ આવાજે એક ફરીથી હાય મારી દરિયા કિનારા તરફ જઈ ત્યાં મધ્ય રાત સુધી ભટકતો રહયો.

જે ઘરમાંથી પેલી ઓરતે ડોકાવ્યું હતું તેજ ઘર વાળી ચેહેલીનાં કાતરિયાંના એક ન્હાના ઓરડામા પેલો અમલદાર પણ રહેતો હતો. એક ટેબલ, ખુરસી તથા બિછાનું અને ગાયનનું એક વાજીંત્ર એ તે ઓરડાનો સઘળો સામાન હતો, તેમા આખો દહાડો ઢંકાઇ રહીને કાગજની ઉપર તે કાંઈ ચેરાં કાહાડતો અને થોડ થોડેવારે પેલું વાજીંત્ર વગાડતો. ટુકમા, એકળો અને અટુલો દુનિયાથી હારેલા એક શખ્સના દહાડા તે પુરા કરતો હતો.

પેલી ઓરત સાથ વાતચિત થયા પછી થોડ વારે કોઇ સ્ત્રી તે અમલદારના ઓરડા આગળ આવી, અને ત્યાંના રખેવાળને કેટલીક પૂછપરછ કરી તેમાં પેઠી. તેમાં તે એકળી લાંબો વાર રહયા બાદ પાછી ગઈ.

મધ્ય રાતવેર રઝળીને ઘર આવ્યા પછી પોતાનું હજીસુધી ધારેલું કામ પાર પાડવાને એક છેલ્લું યત્ન કરવાને પેલા અમલદારે એકવાર વધારે હિંમત પકડી. સવાર પડતાં કાંઇ લખેલાં કાગજોની એક બિંદડી બગલમાં ઘાલી ગાયનની ચોપડીઓ વેચનાર ડુપોની દુકાને તે ગયો. "ડુપોએ કહયું તમો વળી કાંઈ નવું લાવ્યા-છો! હાલ મન પુષ્કળ રોકાણુછે, એટલા માટે મેહેરબાની કરી જલદીથી ગાઇ દ્યો." પેલા જુવાન શખ્સે ગાવા માંડયું, પણ ડુપો બોલ્યો "બેશક તમો કોઈ વખતે ઠીક ગીતો જોડી શકશો, પણ હું દલગીરછું કે હાલ તમારાં ગાયનો અધુરાં અને અસંપૂર્ણછે." દરદમંદ દિલ સાથ પેલો અમલદાર પાછો પોતાના ઘર તરફ વલ્યો, અને તેમાં પેસતાં ત્યાંના રખેવાળે "નાટકના પેહેલા વરગની એક ટિકિટ તમારે માટે કોઈ મૂકી ગયુંછે" એમ કહીને તેને આપી, તેણે ટિકિટ ચોકીબાનના હાથમાં પાછી ઉરાડી નાખી, અને પોતાના ઓરડામા જઇ ત્યાંનું બારણું તથા બારીઓ બંધ કીધાં. ધુમાડિયું સાદડીનો ડુચો દાબી પુરી નાખ્યું, અને બીજાં સઘળાં નાકાંઓમા પણ કાગજ દાબી હવાનો માર્ગ અટકાવ્યો. થોડી વેળામાં રાત પડી.

મારસેલ્સની નાટકશાળામાં પારીસ શેહેરનો એક વખણાયલો ખેલ ચાલુ થયો. તેમાં ભારે ધુમધામ મચી રહી હતી, અને તે રાતના જુવાન, ખુશનુમા **કલોડીન** ગાનારને સાંભળવાને લોકોની ટુટાટુટ પડતી હતી. નાટકનો એક અંક પુરો થયો હતો અને લોકો પોતાની બેહદ ખુશહાલી કાન ફાડે એવા પોકારો કરી સંભળાવતા હતા. આગળ જણાવેલો ડુપો, જેણે પોતાને જોખમે નાટક કરાવ્યો હતો, તે આ ફતેહથી ભારે ખુશહાલીમાં આવી વિચારતો કે ગાયન ગાતી બાનું ખરે એક ગહુવેર હાથ લાગ્યુંછે. લોકોની ખુશીનો અને શોરનો કાંઇ પાર ન હતો. **કલોડીન** એટલા માટે તેઓનો ઉપકાર માની પાછલ હઠી. [illegible] અને પડદો પડવાની તૈયારી હતી પણ લોકોના હપના [illegible] વધતો ગયો. તેવામાં ક**લોડીને** વાજાંવાળાઓને એક [illegible] પડેલો પડદો પાછો ઉંચે ચઢયો. વાજાંવા[illegible] સેહેલથી એક અજાણ્યો રાગ વગાડવા માંડયો. ડુપો, આ વાતથી તદન બેખબર, ઘભરાટમાં ઉભો થયો. સઘળું એકપળમાં મુગું થઈ ગયું. **કલોડીને** વાજાંની રાહાપર એક નાદર સરોદ શરૂ કર્યો. લોકો અજાયબીમા ચુપ થઇ એક એક તરફ ટીકવા લાગ્યાં. એટલાંમા એક શ્લોક પુરો થયો. ખુશહાલીથી ગાંડા બની ગયલા લોકોએ ઉંડાને ભારે શોર મચાવ્યો. સફાઇદાર સાદે અને જોશ ભરયા અવાજે **કલોડીને** બીજો શ્લોક શરૂ કીધો. ગાતાં ગાતાં નાટકમાં તે સઘળે ઠેકાણે કાંઈ શોધતી હોય તેમ નજર ફેરવતી હતી, પણ તેને જોઇતી ચીજ પાઇ નહી. ડુપો ચીઢ અને ખુશાહલીથી ગાંડા જેવો બની ગયો હતો. એ ગાયનતો તેણે સવારનાજ [illegible]
કાઢયું હતું, પણ લોકો હર્ષમાં વધારે [illegible]
ગ્યા, **કલોડીન** વધારે ઉમંગથી [illegible]
ગીતનો છેડો આવ્યો [illegible]
શરૂ થયો. [illegible]
ખુમાટા [illegible]

આદમીઓનું ઘર થયું. પોતાના ઓરડામા હવાનો સઘળો માર્ગ બંધ કરીને પેલા અમલદારે પોતાનું કાગજનું પડીકું સળગાવ્યું હતું, અને તેના બાફમાં ગુંગળાઇને પોતાની ટુંક અને કંગાલ જિંદગીના પાછલાં વરસો યાદ કરતો, આ અને પેલી દુનિયાની અધવચમાં બિછાના ઉપર પડયો હતો. તેવામાં હજારો લોકોનો સાદ તેના કાનપર પડયો, અને તેણી વળી પોતે જોડેલાં બયેથી હરકાયલાં ‘રાહીન’ (નદી) ના લશ્કરના ગીતનો સાદ ! આ શું મોતનું સ્વપ્નું કે ખરો બનાવ ?

નાટકશાળામાં લોકો નરમ પડયાં એટલે **કલોડીન** બોલી “તમોએ શાંભળ્યું તે ગીત એક જુવાન શખ્સે જોડયુંછે. તે પ્રગટ કરવાને તેણે ઘણુંએ યત્ન કીધું પણ તે ફોકટ ગયુંછે. તોય મેં તેને આ જમાનાનું સૌથી નાદર ગીત ગણીને અહિંયાના કારભારીઓની અજાણ્યા વાજાંવાળાઓની સાથે તૈયાર કરયું, પણ તેનો બનાવનાર પોતે ગીરફતારીના ગારમા ગરકાવ થઇને હાલ ઘરમાં પડયોછે. ચાલો, આપણે જઇને તેને જણાવિયે કે મારસેલના લોક નાદર ગાયનની કીમત બુજેછે.” શુર પર આવેલી બલા **કલોડીન** આમ બોલીને નાટકના તકતાપરથી પોતાને ઝીણે કપડે અને ઉઘાડેજ માથે કુદી પડી, અને પેલું ગીત મોહોટે ગાતી ગાતી લોકોને તેડી પેલા અમલદારના ઘર તરફ ચાલી. પછવાડેથી લોકોએ તેને ડગલો ઓઢારયો તથા ટોપી પેહેરાવી, અને તેની પાછળ મરગસમાં મરવા સુતેલા અમલ[illegible] ઠેકાણુ આગળ તેનું ગીત ગાતા આવી પો[illegible] ...

[illegible] થઇ [illegible] **રારા ડિલાઈલ** જેમતેમ ઉઠયો. પા[illegible] તલવારના એક ઝટકાથી બારીના કાચ તોડયા. [illegible] હવાથી, પણ તેથી વધારે પોતાના ગાયનના સરોદથી, તેને પાછો જીવ આવ્યો. કંગાલિયતપણાના ગારમાં ડુબેલો શખ્સ એક પળવારમાં નામાંકિત બન્યો. **કલોડીન** પોતે તેને નીચે લાવી. પા કલાકમાં ખોરાક ખવાડી તથા કપડાં બદલાવીને લોકો તેને ભપકા સાથ નાટકશાળામાં ઉંચકી લઈ ગયા અને નાટકના દરેક અંકની વચ્ચે, લોકોના વધારે અને વધારે હર્ષના તથા શાબાશીના પોકાર સાથ તેણે પોતાનું ગીત તે રાતના વારંવાર ગવાતું સાંભળ્યું.

આ પછી દશ દિવસે **રોશે ડિલાઈલ** અને **કલોડીન** એકેક સાથ પરણ્યાં.

[illegible] ફ્રાન્સની અંદર લોકોનું સાધારણ ગીત, જે [illegible] હાકમીની સામે વારંવાર આ સદીની [illegible] અને હજી ગાયછે તે કેમ [illegible] હકીકત ખરી બને- [illegible] ના લશ્કરનું [illegible]ની યાદગારીમાં તેના જોડનારે ‘મારસેલિસ’ કરી તેનું નામ રાખ્યું, જે નામે તે આજ લગી આશકારા રહ્યુંછે.

પ્રુશિયા સાથ લડાઈ ઉઠાવવા વિષે ફ્રેન્ચોનાં વિચાર.

જરા જરામાં ઉશ્કેરાય એવા ફ્રેન્ચ લોકો આએ બનાવથી એવાં જહનુનમાં આવી ગયા કે પોતાની શુદ્ધિ તથા અક્કલ જરાવારમાં ખોઇ દઈ જાણે ફતેહમાં તો કશો શક રહયોજ નથી એવી ખાતરીથી બોલવા લાગ્યા કે આઠ દહાડામાં આપણે રાહીન નદી પસાર કરશું. પંદર દહાડામાં બર્લીન જઈ દુશ્મનોને બરહમ મારશું, પણ એ બધી સ્વપ્નાની વાત સ્વપ્નેજ પુરી થઈ રહી. જોકે શાહાની સામેની ટોળી લડાઈ ઉઠાવવાની વિરૂદ્ધ હતી તોપણ શું નેપોલિયનની તરફ વાળો કે શું તેના વેરીઓ એકમતથી જણાવા લાગ્યા કે પેલા ફાવી ગયલા પ્રુશિયનોને પગ તળે કચરવા જોઇએ. અને ૧૮૧૫ માં લાગેલો ડાઘ ફ્રેન્ચોની છાતીમાં તાજોજ હતો અને હવણાં તે ઉપર કીનાની શાહી વધુ પડવાથી તે વધુ તાજો થયો. શેહેરના લોકો ઉલટમાં તણાયા જતા હતા; પણ માહેલાં પ્રાંત વાળા જેમ લડાઇની તરફદારીમાં નહીં તેમજ વિરૂધ પણ નહીં હતા. અંદરનાં ભાગમાં રેહેનારા બિચારા ગરીબ ખેડુતો એકતો ભારે કરના બોજાથી દબાયલા અને તેમાં વળી આવી ખટપટથી કંટાળીને વિચાર કરવા લાગ્યા કે તેઓના ધંધાની, ખાનદાનની, કુટુંબની ધૂળ મળશે. તેટલા માટે તેઓને સલાહ સંપજ વધારે પસંદ હતી. વળી દેશની આબરૂ ઉપર ચહડી આવેલું વાદળ ખસેડી નાખવા સારૂ જોઇતી મદદ આપવાને ખાતર એક ફરમાને તૈયાર હતા. બાજે વખતે એવું બનેછે કે તરત લડાઈ ઉભી થયલીનાં તાજાં કારણોના કરતાં આગલાં અને છુપાં કારણોથી શું રાજા, કે શું પ્રજા કીનાથી લડેછે તેવો મામલો અહિંયાં હતો. ફ્રાન્સના શાહને આગલું વેર લેવું હતું. પોતાનું ખાનગી અપમાન વસૂલ કરવું હતું તેથીજ ઇબ્રાહોમ છલકાઇ ઘાસ્તીનાં કુવામાં તે પડયો તેમાંથી સહીસલામત તરી નહીં બહાર અવાયું કે નહીં ડુબી જવાયું.

પ્રુશિયામાં લડાઈની મચેલી ધુમ.

ફ્રાન્સતો રંગ ઉપર ચહડી મારામારી, કાપાકાપી, વેર અને જહનુનનાં જોસ્સામાં પડયું હતું ખરૂ; પણ બીજી તરફ પ્રુશિયાની તૈયારી, પ્રુશિયાનો જુસ્સો, પ્રુશિયાની આતુરતા, પ્રુશિયાની દલેરીની તૈયારી કશી રીતે ઓછી નહીં હતી. જેવા લડાઇના સમાચાર લોકોને કાંને પડયા તેવાજ રાજાને લોકોએ મુબારકબાદીનાં આવાજોથી વધાવી લીધો. રાજાના મેહેલની હજૂર કંઈક સેંકડો

માણસોની ઠઠ મળી અને ઉશ્કેરણી તથા ફતેહનાં શુભ વચનો દરએકનાં મોહોડામાંથી નીકળવા લાગ્યા. શું પ્રુશિયા કે શું જર્મની એક વખતે એકઆવાજે અને એકદિલથી બાહાર આવી સફ ખેંચી તૈયાર ઉભું. પ્રુશિયાનો રાજો ફ્રાન્સનાં શેહનશાહની માફક ફોકટનો છકી નહીં ગયો હતો. તેના મનમાંતો ફતેહની પુર ખાતરી હતી તોબી બાહારથી જોઇતી ધાસ્તી, બનતી સાવચેતી, અને મિલનસારપણું બતાવતો હતો. ઉશ્કેરાએલી પોતાની રૈયતના સવાલોનો જવાબ પાછો આપતાં તે બોલ્યો હતો કે "તે સાહેબને હાજરનાજર જાણી હું તમોને જાહેર કરૂંછું કે આ લડાઇનો જોખમ મારા માંથા ઉપર કંઇ નથી. પણ જ્યારે ફ્રેન્ચ લોકો મારા ઉપર હરીફાઇનું બીડું મોકલેછે ત્યારે તે આબરૂની જાલવણીને ખાતર કબૂલ રાખવાની મને ફરજ પડેછે; અને તેમ કરવામાં મારી વાહલી રૈયતની મને પુરતી પરવાનગીછે. યુરોપખંડમાં બબે મરતબે ઉભી થયલી લડાઇમાં આપણે બાહાદુરી સાથ ફતેહમંદ ઉતરયાછે; પણ હાલની લડાઇ જરા વધારે વિકટ લાગેછે, પણ જ્યારે મારી વહાલી રૈયત ઉપર મારો પુર વિશ્વાસછે ત્યારે તે ખાવિંદની મદદથીજ કાપાકાપીનાં આ ભયંકાર સાંચામાંથી આપણે જરૂર સલામત નીકળશું."

લડાઈ શરૂ થતાંજ ફ્રાન્સને મળેલી નાસિપાસી.

જયારે ફ્રાન્સથી લડાઇનો હળકારો પવનની મિસાલ જંગનો પેગામ લઈ જર્મની આવી પોંહોંતો ત્યારે શાહ લૂઈ નેપોલિયનની પુર ખાતરી હતી કે જર્મનીનો દક્ષિણ ભાગ જે પોતપોતાનં ન્હાના રાજાઓ હેઠલ સ્વતંત્રપણે રાજય ચલાવેછે, અને જેઓ વળી ઉત્તર જર્મનીની ચહડતી કળા અદેખાઇથી જોતા બેઠાછે તેઓ આ લડાઈ સાંભળતાંજ ઉત્તર તરફનાં જર્મનો ઉપર પોતાનું આગલું વેર લેવા અને પ્રુશિયાને હંફાવવાની સારી તક મળેલી જોઇ ખુશીથી કુદશે, પણ હજુરતો એ વિચારથી શાહાનું મગજ ખલ્લાસ થયું નહીં હતું તેટલામાંજ શાહાને ખબર મળી કે જર્મનીનાં દક્ષિણ ભાગનું પેહેલુંજ રાજ બેવેરિયા, પ્રુશિયનો સાથ મળી ગયુંછે અને બીજા રાજયો સાથે જોડાવાની તૈયારી ઉપરછે.

લૂઈ નેપોલિયનનો પોતાની રૈયતને ખુલાસો.

જેવી લડાઇની ધામધુમ બરપા થઇ રહી તેવુંજ તારીખ ૨૩ મી જુલાઇએ શાહા નેપોલિયને પોતાની પ્રજા હજૂર પેરીસ મધે એક ભાષણ કીધું અને તેમાં એવું જણાવ્યું કે "વહાલા ફ્રેન્ચો, માણસની જિંદગીમાં કોઈ કોઇવાર એવા બનાવો બનેછે કે જેવા શું મોટા મોટા રાજા કે શું બોહોળી પ્રજાને પોતપોતાનાં તમામ ખાનગી લાભ, પોતાનું, પોતાનાં કુટુંબનું તમામ સુખ સર્વે તજી દઇ પોતાની વહાલી આબરૂના બચાવને ખાતર અને દેશની જાળવણીને ખાતર નકી ધારેલું કામ માંથે ઉઠાવવું પડેછે. કદાચ એવોજ બનાવ આપણા બાબમાં હવણાં બન્યોછે. જુઓ કે પેલું મગરૂર પ્રુશિયા જેની સાથ આપણે સદા ભલમનસાઈથીજ ચાલ ચલાવતા આવિયે છિયે. જેને સને ૧૮૬૬ માં ચલાવેલા કેટલીક અઘટિત ચાલનાં આપણે જાણીજોઇને આખાડા કીધાછે તોબી તે આપણી કશી દરકાર કરતું નથી. તે ફાવેલું દેશ શું રાત કે દિન હથિયારબંધ રહી તમામ યુરોપની સલાહ સંપજને તોડતું ફરેછે. યુરોપને સંપજનો બાગ બનાવવાને બદલે ખુનખાર લડાઇનું મેદાન કરી મેલ્યુંછે. બીજા રાજયોનાં માંથા ઉપર ધારવાળી તરવાર લટકતી રાખી પોતે તુનડાઇથી ફરતું ફરેછે. નહી વિચારેલા કાવાદાવા એ મગરૂર રાજ્ય ઉઠાવતું ફરેછે. આ તેનાં છેલ્લા અણઘટતા દાવાની સામે થઇ આપણે તેને સમજાવવા માંડયું પણ આપણી દરકાર ન કરતાં તેણે સામાં આપણને ઉડાવ્યાછે, આપણને ઠગ્યાછે, એટલુંજ નહી પણ આપણને ભારે અપમાન આપ્યુંછે. જે સર્વની પુર ચાઢ તમામ મારી રૈયતને ચહડીછે જેનું પરિણામ લડાઇછે. હવે જોવાનું રહ્યુંછે કે સાહેબ કોણને મારી આપેછે

"આપણે કંઇ [illegible] નીનં બુરૂં ઇચ્છતા નથી, [illegible]પણે તેનાં સ્વતંત્રપણાને માન આપય [illegible] તે સાથ આપણું પોતાનું છુટાપણું અને ભવિ[illegible]જવાય તથા બીજા રાજયોમાં સલાહનો પવન ફું[illegible] ગડે તથા એક બીજા તરફ તેઓ મમતાથી જોતા [illegible] એવું આપણે ઇચ્છિયે છિયે. વાસ્તે ચાલો મારી વહાલી પ્રજા એક મોટી ફોજની સરદારી હું પોતે લઉંછું. યાદ કરો કે ૧૭૮૯ ના મોટા બળવામાં આપણા વડવાઓએ કેવી રીતે આખા યુરોપને ધ્રુજાવ્યુંછે. તેવું નામ કાહાડવાનો હવણાં આપણો વખત આવ્યોછે. હું હિંમતથી ઘોડેસ્વાર થાઉંછું. માહરા ન્હાની વયના જુવાન બેટાને મારી સાથે રાખી લડાઇનાં ભય ભરેલા હીંગામમાં પેહેલા સામેલ કરૂંછું. ખોદા આપણને આપણી શુભ નેમનો બદલો વાળી આપશે."

પેરીસમાં ધામધુમ

જુલાઈ મહિનાના પા[illegible]
હેરમાં એક જોવા [illegible]
ધારણ વેપા[illegible]
આર[illegible]

હોલા લશ્કરી શિપાઇઓથી ઉભાવા લાગ્યા. ફ્રાન્સની, નેપોલિયનની અને ફ્રેન્ચ ઝુંડાની સલામતીનાં ગીતો બુલંદ આવાજે જગે જગે ગવાવા લાગ્યાં. આગગાડીનો ચપળ ચાલનો ઘોડો દરરોજ કંઈક સેંકડો ફ્રંસંગોની મજલ કરવા લાગ્યો. જુવાન ભિન્નતી વયના ગબરૂ છોકરાઓ મોહોબત ભરી આંખોમાંથી જુદાઈનાં આંજુઓ વરસાવી માબાપોથી, દોસ્તોથી, વહાલી દિલદારોથી પાછું નહી ફરવાની આશા સાથ છુટા પડવા લાગ્યા. કોઈ બેદરકાર અને બંધો ખલાસી બચ્ચો બેફિકરાઈથી પોતાનાં સાથીઓની ગર્દન ઉપર હાથ નાખી ભટકવા લાગ્યો. કોઈ બુઢો લશ્કરી શિપાઈ પોતાની વાંકી વળેલી પીઠ ઉપર લશ્કરી સરંજામ ટેકાવી આતુર ચેહેરે ચાલવા લાગ્યો. કોઈ ઝડપમાં, કોઈ આસ્તે, કોઈ દોડતો, કોઇ હાંફતો એણીમેરથી પેલીમેર જતો જણાવા લાગ્યો. કોઇ શરાબની મસ્તીઓર જામમાં મશગુલ થઈ ખુશ કેફથી ચકચૂર જાણે બર્લીન શેહેરનો રાજા પોતેજ થયો હોય તેમ છાકટનાં દિવાનપણામાં ઘેરાં કાહાડવા લાગો. રમત ગમત—એશ આરામ—ફરવા હરવાની તથા શરાબબાજીની જગાઓ તમામ શુરા શિપાઇઓથી ભરાઈ ગઈ. કંઈક સેંકડો ગાડાં લડાઈનાં ભારી અસબાબ સમેત ભયંકાર અને કંટાળા ભરેલા અવાજ સાથ ચાલવા લાગ્યાં. તરેહવાર હથીઆરો હવામાં ઝમકવા લાગ્યાં. શિપાઇઓની ભીડ પાછળ જાણે શું એક મેળાવડો થતો હોય યા મદારીનો નાચ થતો હોય તેમ બેસમજ અને [illegible] લોકોનાં ટોળેટોળાં દોડવા લાગ્યાં. લશ્કરી [illegible] રાજના જે સંગ્રહ થયો હતો તેમાં [illegible] ના દરએક હથીઆર અજમાવી જાણનાર [illegible] ઓનો મેળાવડો થયો હતો. તેમાં શું હમેશાં કવાયત [illegible] નાર, યા શું લડાઈની વખતે મદદને માટે રાખી મૂકેલા યા શું આગલી લડાઈની અજમાએસોથી ગાઢા થયેલા યા શું પગારદાર રહેલા શુરાઓની હારેકટાર હાંમેહામ દીસતી હતી. એ સર્વમાં પેલા જહનુની, પેલા અર્ધા જંગલી, પેલા કીનાબાજ. પેલા ખુન ઉપર ચહડેલા, આફ્રિકાથી લાવેલા "તરકોસ" લોકોનો દોર અને દમામ અજબ તરેહનો હતો. વેરનું ભયંકાર ખુન તેઓની મોટી લાલ આંખોમાં પ્રકાશી રહ્યું હતું. પોતાના દુશમનોને આખાને આખા ખાઇ જવાને સારૂ જંગલી જાનવરોની માફક મોહોડાં વકાશી જાણે અઘોરા ઉભા હોય એવા જણાતા હતા. એ બધી સફ [illegible] જે પોકારતી કે ચાલો જહએ બર્લીન અને મા- [illegible] મ. એવી વગર સમજની ઉલટમાં [illegible] લોકો શોર મચાવી રહયા હતા. [illegible] માથ કસાવલા અને [illegible] નક બાજે વ- [illegible] ની બો-

જતા હતા કે ગરીબ દિવાના લોકોને ખબર નથી કે જર્મનોને માટે કેવો એક દહાડાનો તેઓ ઓરકછે.

પેરીસમાં જયાંહાં જયાંહાં તવંગર, નાણાવટીઓ તથા શેઠ સાહુકારો રહેતા હતા ત્યાંહાં ત્યાંહાં અતિ થોડી ગડબડ હતી; પણ જયાંહાં જયાંહાં લશ્કરી શિપાઇઓ એગા થયા હતા ત્યાંહાં ત્યાંહાં સવારથી તે મધ રાત સુધી લડાયક ગીતો, મોહોટાં મોહોટાં જહનુની ભાષણો અને પીઠાંઓમાં છાકટોનાં પોકારો ચાલુ રહયા હતા; પણ એ બધી દોડાદોડ એકજ દહાડામાં પુરી થઇ કારણ કે ફ્રાન્સનાં તુફાની બકરાંને જર્મનોનાં ખાટકી વાડામાં રેંહેસાવા હંકારી કાહાડયાં.

યુરોપની બીજી પ્રજાઓમાં લડાઈથી ઉપજેલા વિચાર.

ઇંગ્લન્ડમાં આ લડાઈ વિષે જોકે વર્તમાન પત્ર વાળાઓ વેંહેચાઈ ગયા હતા તોબી ઘણાખરાઓનું એવું મત હતું કે આએ લડાઇનો બખેડો ઉભો કરવામાં ફ્રાન્સે ઇબ્રાહીમ ઝોંહોકી દીધુંછે. તેઓએ ઓલ્લે ઓલ્લું જોયું કે બે મોટી અને શકિતવાન પ્રજા આગલાં વેરનાં બદલાને ખાતર જહનુનનાં ખાડામાં ઉતરીછે ખરી પણ તેઓને બાહાર કાહાડી સલાહ સંપજનાં સાફ મેદાન ઉપર મૂકવી ઘણું મુશ્કેલછે. ઇંગ્લન્ડની ભલી સરકારે બંને બાજુ વાળાઓની વચ્ચે પડી નિવેડો લાવવા સારૂ ધાર્યું, પણ વાત એવીતો રસ ઉપર આવી રહી હતી કે તેથી કશું બની શકયું નહી.

રોમનાં શેહેનશાહ અને ધર્મનાં વડા પેલા પોપ નવમાં પાયસે પોતાનાં ખોદાઇ ઓધાની રૂએ બંને રાજવંશીઓ ઉપર સમજુતી પત્રો મોકલ્યાં પણ તેની અસર ઉશ્કેરાયલી પ્રજા ઉપર કશી થઇ નહી. તારીખ ૧૯ મી જુલાઇએ ઇંગ્લન્ડની રાણીએ એવો ઢંઢેરો ફેરવ્યો કે આપણને આ લડાઇની વચ્ચે હરગીસ પડવું જોઇએ નહી અને બંને બેરદુવાળાઓથી તદન અલાહેદા રહી શું બનેછે તે જોયા કરવું. યુરોપનાં બીજા રાજયોએ પણ એવોજ ઠરાવ કીધો; અને તે સાથે ફ્રેન્ચો તથા જર્મનોએ એવી કબુલાત આપી કે કોઇબી ન્હાના રાજયને તેઓએ છેડવાં નહી. આવી રીતની સમજુતી થઈ રહી હતી તેવામાં તારીખ ૨૫ મી જુલાઇનાં લંડન ટાઇમ્સ પત્રમાં કંઈક એવું લખાણ થયું કે એક મોટો ધભરાટ ઉઠી રહયો. એ લખાણથી એવી મતલબ નીકળતી હતી કે ફ્રાન્સ તથા જર્મની વચ્ચે કંઇક છુપા કોળકરાર થયાછે જે કોળકરારો ૧૮૬૬ માં સોદોવાની લડાઈ થઇ તેની આગમચથીજ તૈયાર કરેલા હતા.

એ કોળકરાર એવી કિસમના હતા કે ઓસ્ત્રીયા સાથ લડાઇ કરી જે જે ભાગો પ્રુશિયનોએ પોતાને હાથ

કીધાછે તે ફ્રાન્સે બાહાલ રાખવા. તેમજ ફ્રાન્સને પોતાને લુક્ષીમબર્ગ મળે એવી પેરવી પ્રુશિયાએ કરવી. વળી જર્મનીનો જે ભાગ ઓસ્ત્રીયનોનાં હાથમાંછે તે સિવાય બાકીનો બીજો ભાગ પ્રુશિયા સાથ સંબંધથી જોડાયલોછે એવું ફ્રાન્સે સમજવું તથા પ્રુશિયનોએ જમીનની તથા દરીઆઇ ફોજથી બેલજિયમ ફ્રાન્સને અપાવા મદદ કરવી, અને એવી રીતે એ બંને રાજયોએ કોઈબી રાજ સામુ આરસપરસ એકબીજાને મદદ કરવી.

આવું સાંભળતાંજ ઇંગ્લન્ડનો મિજાજ જતો રહયો. તેણે બંને રાજવાળાઓને ગુનેગાર ગણી એનો ખુલાસો ચાહયો. એ ઉપરથી પ્રિન્સ બિસ્માર્કે જણાવ્યું કે ૧૮૬૭ માં એવી તરેહની દરખાસ્ત ફ્રાન્સ તરફથી તેને થઈ હતી પણ તેનાં રાજાએ તે બાહાલ રાખી નહી. વળી લુઈ નેપોલિયને પોતે પોતાનાં બચાવમાં એવું જણાવ્યું કે એવી એલતેમાસ પેહેલાંતો બિસ્માર્કે તરફથીજ કરવામાં આવી હતી પણ તે તેણે તરત તરક કીધી. આવી કિસમના વગર ખાતરીના જવાબ બંને બાજુ વાળાઓ તરફથી મળ્યા. એ જવાબમાંથી બિસ્માર્કે ઇંગ્લન્ડને ઉડાવ્યું હોય એવું માનવામાં કસો શક રહેતો નથી.

તરત ઇંગ્લન્ડે ૧૮૭૦ ના આગસ્ટ મહિનામાં બંને રાજવાળાઓ હજૂર એક કોલકરારનું પત્ર રજુ કીધું અને તેમાં એવું જણાવ્યું કે બેલજિયમને કોઇબી રાજવાળો છેડે નહી અને જો તેમ થયું તો ઇંગ્લન્ડ પોતે તેની હિમાયતે આવી તેનો બચાવ કરશે. એ કોલકરાર ફ્રાન્સે તથા પ્રુશિયાએ બાહાલ રાખી પોતપોતાની સહી કીધી. હવે પેલી તરફ લડાઇતો નોક ઉપર આવી રહી હતી તેથી તારીખ ૨૮ મી જુલાઇએ ફ્રાન્સનો શાહ પોતાની સાથ પોતાના જુવાન બેટાને સ્વાર કરી મેટ્ઝનો કિલ્લો જ્યાંહાં ફ્રેન્ચોનું લડાઈનું મથક મારેલું હતું ત્યાંહાં રવાના થયો અને આખા યુરોપની આશાવંત આંખો તપાવી રાખી કે કોણનું તાલે બરગસ્તીનાં બીઆબાનમાં ભુલું પડેછે.

પ્રકરણ ૨ જું.

જર્મનીનું લશ્કર—કોંટ વોન મોલટકી—ફ્રાન્સનું લશ્કર—નાઇદરબ્રોન આગળ ફ્રેન્ચો અને જર્મનો વચ્ચે ઝપાઝપી—શાહા નેપોલિયને તથા રાજા ઉલિયમે પોતપોતાનાં લશ્કરને આપેલા છેહલી ઉશ્કેરણી—ફ્રાન્સના લશ્કરની હાલહવાલ તૈયારી વિષે નેપોલિયનના વિચારો—સારબ્રુક આગળ લડાઈ—મિત્રલિયર—ફ્રેન્ચો તથ પ્રશિયનોમાં દારૂગોળાથી વપરાતાં હથિયારોમાં મુકાબલો—[illegible]—શેહનશાહનો બેટો [illegible]

જર્મનીનું લશ્કર.


હજીતો જર્મનીથી રવાનાં થયલો લડાઇનો જાસુસ ફ્રાન્સ જઈ જવાબ લઇ પાછો ફરે તેટલાં તો પ્રુશિયા પોતાના તમામ લશ્કરને વિજળીના ઘોડા ઉપર સ્વાર કરી ફ્રાન્સની હદ ઉપર આવી લાગી દુશ્મનોની રાહ ઘેરી બેઠું. કયી તરેહનું એ લશ્કર હતું ? કયી તરેહની તેની હિલચાલ હતી ? કેવી રીતની તેની ગોઠવણ હતી ? નહી કે સંખ્યારીજ હરીફો ઉપર માત્ર અસર કરવા આખાં જર્મનીને ત્યાંહાં અણઘડોની માફક લાવી ઉભું રાખ્યું હતું. નહી કે વગર વિચારની, વગર બનાવની, વગર ક્વાયતની એ લશ્કરની હિલચાલ હતી. નહી કે તેની ગોઠવણો કોઈના કાચા મગજે કીધી હતી. જરા વારમાં એ ભારી લશ્કરે પોતાની અગણિત સંખ્યાથી પોતાની સફમાં ઉભા રાખેલા કદાવર, તનદરોસ્ત, કસાયલા, હિંમતવાન્ અને ધીરા મિજાજનાં શિપાઇઓથી સુધરેલા જમાનાને સણગાર આપે; એક મોટા રાજયને જેબ આપે, લશ્કરી હુનરને માન મળે એવી તરેહની ગોઠવણોથી આખી દુનિયાને હેરતમાં નાખીછે. અજબ જેવુંછે કે એક બોલ બોલતાં પ્રુશિયા જંગનાં મેદાનમાં ૪૧૨,૦૦૦ પાયદળ, ૪૭,૮૦૦ ઘોડેસ્વાર અને ૧..૪૦ તોપ લાવી ઉભી રાખી. એ ગંજાવર લ[illegible]ણ ભાગ કીધા હતા. એ ત્રણે લશ્કરોની સરદારી રાજા ઉલિયમના છોકરા તથા શાહાજાદા ફ્રેડરિક ચાર્લ્સ અને જેનરલ સ્ટેનમેટ્ઝના હાથમાં હતી. તમામ એકંદર લશ્કરની સરદારી રાજા ઉલિયમના પોતાના હાથમાં હતી. એ ત્રણે લશ્કરોએ બેવડક રાહીન નદી પશાર કરી ત્રણ જૂદાં જૂદાં મથકો ઉપર છાવણી નાખી. એ ત્રણે છાવણી વચ્ચે આગગાડીની મારફતે સર્વ વ્યવહાર ચાલી શકે એવું હતું. વળી તે લશ્કરોની પાછળ એવો મજબૂત બચાવ રાખ્યો હતો કે જો કદાચ હાર ખાઈ પાછું હઠવું પડેતો તેઓને કશી અડચણ નહી થાય. નજદીક ત્રણ અઠવાડીઆનાં અરસામાં એકબારગી સારા યુરોપને ધ્રુજાવે એવું લશ્કર પ્રુશિયાના રાજાએ લાવી ઉભું કીધું તે ઉપરથી વિચાર જાયછે કે તેઓની [illegible]
[illegible]ણાં વર્ષ આગળથી ચાલેલી હશે.
[illegible]હેર થાયછે કે રાજા ઉલિ[illegible]
[illegible]ખાઈ પી એ ઉ[illegible]
[illegible]ડયા હશે

તૈયારી ઘણો વખત સુધી પ્રુશિયાએ શું ફ્રેન્ચોથી કે શું તમામ યુરોપથી છુપી રાખી. વળી તે સાથ એવીતો સરસ કવાયત લશ્કરી માણસોને મળેલી હતી કે જેમ તેઓની સંખ્યા વધતી તેમ વધારે ઝડપથી જરાબી અડચણ વગર તેઓ કામ કરી શકતા. જાણે એક મોટા કિલ્લાને જેમ મજબુત પૈડાં અને કમાનની મારફતે જ્યાંહાં જ્યાંહાં સહેલાઈથી લઇ જઈયે તેમ આએ ભારી ફોજ ચપળતાથી કામ બજાવતી હતી. હથીઆરો—પોશાક—ખોરાક ઇત્યાદિ વતરોગેની એવી ગોઠવણો કરી રાખી હતી કે જાણે કશીબી અડચણ વગર એક સાંચાની માફક સર્વ વગર હરકતે પોતપોતાનું કામ કર્યા જતાં હતા. લશ્કરને વિજળીના તારથી, ડાકથી, રેલ્વેથી એટલી સગવડ કરી આપી હતી કે ગમે એટલા દૂર પડ્યા હોય તોબી એકબીજા સાથ સેહેલાઈથી સંદેશો તેઓ ચલાવી શકે. દરએક ટુકડી સાથ મુએલાં માણસોને દફનાવનારા હાજરજ હતા, તે સાથ દરએક શિપાઈનાં ગળામાં તેના નામ નિશાન, ઓળખ સુધાંની છાપ હતી કે જેથી તે જો મરણ પામેતો તેની તરત ઓળખ થાય અને આબરૂ સાથ તેના શરીરને ઘોરવાશી કરવામાં આવે. વળી જો કોઈ ઘાયલ થયો તો તરત તેને તેની હકીકત સુધાં દવાખાનામાં મોકલી દેવાની પુર ગોઠવણ હતી. બચિત આવી સઘળી સગવડ જોઇ કિયા દેશ ઉપર જાન ફિદા કરનાર શખ્સ, કિયા દેશની આબરૂ જાળવનાર શિપાઇ યાહોમ હિંમતથી જંગમાં ઉતરવાને જરાબી આંચકો ખાશે?



કૌંટ વોન મોલટકી.

...ના ઉભો કરનાર— ...ના તીક્ષણ ...કયો | બુદ્ધિવાન્ ઇંજનેર હતો? લોકો સાંભળી ખરેખર અજબ થશે કે આજ કાલ આખા યુરોપમાં બલકે તમામ સુધરેલી જગતના લડાઈના વેપારમાં એકજ અને હુશિયાર



નાઈદરબ્રોન આગળ ફ્રેંચો અને જર્મનો વચ્ચે ઝડપાઝડપી.

યંત્રકાર પેલો વોન મોલટકીછે. એ અમીરજાદો સને ૧૮૦૦ ની અંદર ડેન્માર્કમાં જનમ પામ્યો હતો. પોતાની ન્હાની વયમાં ડેન્માર્કમાંજ તે લશ્કરી ચાકરીમાં રહ્યો. ત્યાર પછી તે પ્રુશિયામાં ગયો અને જ્યાંહાં લાંબો વખત સુધી યુદ્ધ કળામાં માહેર થયો. પોતાની લાંબી મુદતની મેહેનત તથા જ્ઞાન અને ૧૮૬૪ ની ડેન્માર્ક સાથની લડાઇમાં તેણે વાપરી પુરતી અજમાયશ મેળવી લીધી; પણ તે કીર્તિની બુલંદ ખુરસી ઉપર સને ૧૮૬૬ ની પ્રુશિયાની ઓસ્ત્રીયા સાથની લડાઇની વેળા બેઠો. એ અજબ જેવા ચપળ મગજનો બુઢો લડાઈની એવી ગોઠવણો કરેછે અને એવી રચના રચેછે કે તેમાં કદીથી તે નિષ્ફળ થતો નથી. જાણે એક છુપા ભૂતની માફક લોકો નહી જોય તેમ પોતાની બધી શક્તિનાં જોરે પોતાનાં ભારી જંગી દવો ઉભા કરેછે અને કામ પડવે લડાઈની મસ્તીમાં તેઓને કોણ જાણે કેવી રીતે છોડી દેછે કે તેઓ દુશ્મનોનો જરાવારમાં ઘાણ કાહાડી નાખેછે. કોઇ દહાડેથી એ ધણી લડાઈની હરોલમાં યા પછવાડે કોઇને દિસતો નથી. જંગની વખતે લડાઈની ગોઠવણનો તથા જગ્યાનો નકાશો પોતાની આગળ લઇ એકલો એક દૂરનાં તંબુમાં બેશેછે જ્યાંહાં તે તારની મારફતે ચાલતી લડાઇની ખબર મેળવેછે અને પાછો પોતાનું નક્કી કરી તારની મારફતે જવાબ આપેછે. શું કળા વાપરવી, દુશ્મનને કેમ હફાવવા, છાવણી કેમ બદલી નાખવી, કયી રીતે હેરાસી કરવી તે બીજા બીજા સરદારો ઉપર હુકમ મોકલેછે અને તેમાં તે ફાવેછે. જાણે એકાંત બેશી વગર દરકારે એકલો આખાં દુશ્મનનાં લશ્કર સામું લડાઈની સેતરંજ રમેછે અને એકલો અણદીઠ અણજાણ્યો દુશ્મોનોની ભારી ફોજોને માહાત કરેછે. એ દુનિયાને હંફાવનાર ધણી આજ ૭૦ વર્ષની બુઢી વયે પુગેલોછે. તેનાં ચેહેરા ઉપર ચામડીની કરચલી વળેલીછે. તેનું કપાલ ઉંડું દિસેછે, તે હમેશાં ગંભીર દેખાવનો, બોડેલા ચેહેરા તથા માંથાંનો, વિચારવંત ચેહેરાનો આપણી નજરે પડેછે. એનું જાણવાજોગ ચિત્ર પાસે બિરાજતું કીધુંછે. જેમ રાજદ્વારી બાબતોનું ચક્કર ફેરવનાર બુઢો બિસ્માર્કછે તેમ લડાઇની સેતરંજ રમનાર બુઢો મોલટકીછે. પ્રુશિયા ખરૂંજ ભાગ્યશાળીછે કે આ બુઢ બુઢા તેનાં નામને બુલંદીએ પોંહોંચાડનાર મલ્લ છે. રાજા જોઇયેતો બુઢો, પ્રધાન જોઇએતો બુઢો. જર્મની જાણે અધીરૂં હોય કે એ બુઢાઓ જો થોડા દહાડામાં મરી જશેતો પછી કોણ તેઓને પોતાનાં અજમાયશથી ભરેલાં મગજે સલાહ આપવાનું છે, એથી કરીને હાલ તરત જેટલો લાભ લેવાય તેટલો એ પ્રુશિયનો લઇ લેછે; કારણ કે વારંવાર કંઇ એવા બિસ્માર્ક તથા એવા વોન મોલટકી પેદા થવાના નથી.

ફ્રાન્સનું લશ્કર.

હવે ફ્રાન્સની પૂર્વ હદ આગળ જે ફ્રેન્ચોનું લશ્કર આવી એકઠું થયું હતું તેની એકંદર સંખ્યા ૧,૬૫,૪૦૦ પાયદળ, ૧૮,૪૦૦ ઘોડેસ્વાર અને ૪૫૨ તોપોની હતી. એ ઉપરાંત માર્શલ કાન્રોબર્ટ અને જેનરલ ફેલિક્સ દુઆના હાથ હેઠલ ૬૬,૫૦૦ પાયદળ, ૧૨,૭૦૦ ઘોડેસ્વાર અને ૧૯૮ તોપ મદદની વખતને માટે રાખી મુકી હતી. પીરીનીઝનાં પાહાડ જે સ્પેન અને ફ્રાન્સ વચ્ચે આવેલાછે, ત્યાં કેટલુંક ફ્રેન્ચ લશ્કર રાખ્યું કે સ્પેનનો શાહથાટ અને હિલચાલ તપાસે. વળી થોડીક દરીઆઈ ફોજ પ્રુશિયાનાં ઉત્તર તરફના કિનારા ઉપર ધસારો કરવાને મોકલી હતી પણ ફ્રાન્સના બચાવની મોટી ફોજની મુખ્ય સરદારી શાહા નેપોલિયનના હાથમાં હતી અને તેના હુકમોને અમલમાં લાવનાર તેનો મદદગાર માર્શલ લબફ હતો. વળી તમામ લશ્કર જે પાંચ ભાગમાં વેંહેંચી નાખ્યું હતું તેનાં જૂદા જૂદા સરદારો માર્શલ મેકમેહોન, જનરલ ફ્રોસાર્ડ, માર્શલ બેઝેન, જનરલ એડમીરાલ્ટ અને જનરલ ડીપેઈ હતા. એ વતરેગે ઇમ્પરિયલ ગાર્ડની ટુકડી જનરલ બુર્બાકીના હાથમાં હતી. પ્રુશિયનોની માફક આગ ગાડીથી સંદેશો ચલાવવાનો ફ્રેન્ચોને પણ મોટો ફાયદો હતો. જે જે મથક ફ્રેન્ચો કરી બેઠા હતા તેની પાછળ બચાવને સારૂં સ્ત્રાસબર્ગ, મેટ્ઝ, બીચી, ફાલ્સબર્ગ, થિયોનવીલ અને ટુલનાં મજબૂત કિલ્લા હતા.

નાર્બ્દિરબ્રો... ગળ ફ્રેન્ચો અને જર્મનો વચ્ચે ... ઝડપી.

ખરેખર જોતાં લડાઇતો તારી... ાં જુલાઈએ જાહેરાત જણાવ્યામાં આવી પણ ... આગમચથીજ ફ્રેન્ચો અને જર્મનો વચ્ચે ... ન્હાની ઝડપા ઝડપી થતી આવી જેમાં વારેઘડીએ ... ચાનો એક મથક ઉપરથી બીજા સાથ સંબંધ તોડી નાખવા વચ્ચે આવેલો સડકનો રસ્તો જર્મનો ઉખેડી નાખતા યા વચ્ચે બાંધેલા પૂલ તોડી નાખતા. પણ જુલાઈની આખેરીએ જર્મનો એક ભારી હિંમતનું કામ દુશ્મનનાં ઘરમાં જઈ કરી આવ્યા હતા. આસરે વીસ જર્મન ઘોડેસ્વારો દિસાદિસ ફ્રાન્સની હદમાં લોતરબર્ગ આગળથી દાખલ થયા અને સડકના રસ્તાની પાસે ઉભા કીધેલા વિજળીના તારને કાપતા કાપતા છેક ઘણાક માઈલ સુધી નાર્બ્દિરબ્રોન આગળ જઈ પોંહોંતા. બીજે દહાડે એ સ્વારો જયારે આસાએસથી વગ...

ઝુંપડામાં નાસ્તો કરતા હતા ત્ય...

તેઓને ઓચિંતે પકડ્યા ...

ભરેલો ઝપા...

મારયો...

ઝડપાઝડપીનો ખરો આકાર ધ્યાનમાં આવવા સારૂ પાસેનું ચિત્ર પુરતું થશે. એવિ ન્હાની ન્હાની મારામારી વારેઘડીએ થતી હતી અને તેમાં જર્મોનોની એવી મતલબ હતી કે પોતાનાં થોડાં થોડાં માણસોનો ભોગ આપી દુશ્મનની છાવણીનો તથા ગોઠવણનો સાર મેળવવો.


શાહા નેપોલિયને તથા રાજા ઉલિયમે પોતપોતાનાં લશ્કરને આપેલી છેલ્લી ઉશ્કેરણી.

તારીખ ૨૮ મી જુલાઇએ ગમગીન તથા બિમારીથી હેલાક થતા ચેહેરા સાથ શાહ સરદારી લેવા થકી મેટ્ઝ આગળ આવી પુગો અને તરતજ પોતાના લશ્કરની નીચલી યોજના કીધી. તેણે જણાવ્યું કે "શિપાઇઓ ! દેશની આબરૂ તથા માલેકપણું જાળવવાને ખાતર હું તમારી ઉપર સરદારી લઉંછું. યુરોપખંડમાં ઉભી થયલી એક સરસમાં સરસ હરીફની ફોજ સામું તમોને લડવું પડશે પણ તમારી બહાદુરી આગળ એવી કંઇક અગણિત ફોજો હટી ગયલીછે. એવો બનાવ હવણાં પણ બનશે. લડાઇ ઘણી ભય ભરેલી થશે કારણ કે લડાઇનાં મથકો ઘણા મજબૂતછે; પણ જે શિપાઇઓએ આફ્રિકા, ચીન, ઇટલી, રૂશિયા અને મેક્સિકોમાં ધુમ મચાવેલીછે તે શિપાઇઓનાં શુરાતન આગળ એ અડચણો શું બિસાદમાંછે. ફ્રેન્ચોનું લશ્કર પોતાની જાતી ફરજથી, દેશના પ્યારથી તથા પોતાની કવાયતની મુસતાકીથી ઉશ્કેરાઈ કેટલું કરેછે તે તમો [illegible] દેખાડશો. આપણા બાપદાદાઓએ શું કીધું [illegible] પર વિચાર કરો અને તેઓનાં પગલાંપર [illegible] હામ ભિડો. આખા યુરોપ [illegible] દુનિયાની નજર તમારા ઉપર ફરેલીછે. છુટાપણું [illegible] સુધારાનું તાલે આપણી જિત ઉપર આધાર રાખેછે [illegible] શિપાઇઓ તમે દરએક તમારી ફરજ અદા કરો અ [illegible] દા તમને મદદ મોકળશે."

હવે પેલી તરફથી તારીખ ૩૧ મીએ પ્રુશિયાનો રાજા ઉલિયમ લડાઇના ઘોડા ઉપર સ્વાર થઈ નીકળ્યો. તેણે તે વેળા જણાવ્યું કે જર્મનીની તથા બીજા આપણા કીમતી સંસ્થાનોની આબરૂને ખાતર આવી વિકટ લડાઈ હું માથે ઉઠાવી લઉંછું. એ લડાઇનું બી મારાથી નથી રોપાયું યા એના બુરાં ફળ હું ચખાડવા નથી માંગતો; પણ બાપદાદાઓની વહાલી જમીનને ખાતર લડાઇનો પેગામ મારે કબૂલ કરવાની ફરજ પડેછે વાસ્તે આવી વખતે હું બધા ગુનેહગારો તથા કેદીઓને માફી બક્ષુછું.

લશ્કરની હાલહવાલ તૈયારી વિષે [illegible]યનના વિચારો.

[illegible] ની. તેઓના કુદરતી [illegible] કામ યાહોમ [illegible] આતુર હોયછે. કોઈબી બાબતને માટે જેવા તેઓને ઉશ્કેર્યા કે તે બાબત ઉપર તેઓને ધસ્યા જતા અટકાવવા નહી જોઇયે. જો કોઈબી ખોરાકની લેહેજત વિષે ફ્રેન્ચોની આગળ તારીફ કીધી તો તેઓની લાગી ભુખે તરત તે ખોરાક લાવી તેઓની હાજર કરવો જોઇયે યા તે જ્યાંહાં હોય ત્યાંહાંથી ખાઇ જવા તેઓને અટકાવવા નહી જોઇયે. પણ એવી તેઓની ખાસીયતથી આ લડાઇને વખતે ઉલટુંજ થયુંછે. તેઓનાં ઉશ્કેરાયલાં મગજને એકદમ ઉત્તેજન મળ્યું નહી. લડાઈ બરપા થઇ પણ તેઓની તૈયારી પુરીપાધરી થઇ નહી જેથી તેઓને યાહોમ જંગનાં મેદાનમાં હકેલ્યા નહી જેથી તેઓનો મિજાજ મરી ગયો અને માર મારવાને બદલે માર ખાતી હાલતમાં આવી પડયા. શાહા નેપોલિયન પોતે જાહેર કરેછે કે લશ્કરની જોઇતી તૈયારી હતી નહી. ફ્રેન્ચોનાં તાજ્જુબ મનને ખોરાક આપવાનો વખત ઘણો થોડો હતો. તેને માલમ પડયું કે જેવી તે આશા રાખતો હતો તેવું તેનું લશ્કર સંખ્યામાં, કવાયતમાં, લડાઇનાં સરંજામમાં, ખાધખોરાકીમાં કશાંમાં તૈયાર યા પુરતું નહી હતું. દુશ્મનો કયાં શુધી તૈયારી કરી ચુકાછે. તેઓએ કિયાં કિયાં મથકો રોકયાંછે તેની તેને કશી ખબર હતી નહી.. પોતાનો પેહેલો ઠરાવ મેકમોહોન સાથ એવો કીધેલો કે રાહીન નદી પસાર કરી જઇ ઉતર તથા દક્ષિણ જર્મનીને અલગજ રાખવાં અને મોટી ફતેહ મેળવી પ્રુશિયાની સામે થતા ઈટાલી તથા ઓસ્ત્રીયા સાથ મળી જવું ~~સણ તેતો~~ કંઇજ વળ્યું નહી. લશ્કરમાં દમ હોયતો એ કામમાં તે હામ ભિડે કે, પણ તેની આગમજતો પ્રુશિયનો પોતે સામાં ફ્રાન્સમાં ધસી આવ્યા. જર્મની ઉપર હોમલો લઈ જતાં શાહ ફ્રાન્સને બચાવવાની ધાસ્તીમાં આવી પડયો. શાહાને વળી વધારે સાફ જાહેર થયું કે લશ્કરની ગણતરીમાંથી તે ઠગાયો. જે લશ્કર તેને બતાવ્યામાં આવ્યું તેતો માત્ર કાગળ ઉપર મૂકેલુંજ હતું. મેદાનમાં તેટલું દિસ્યું નહી. સારબ્રુકની લડાઇની વખતે ૨૫૦,૦૦૦ માણસોનાં લશ્કરની વકી રાખી હતી તેને બદલે ૧૪૦,૦૦૦ માલમ પડયું. વળી તે વતરોગે મેકમોહનનું લશ્કર કે જે સર્વથી બહાદુર, સર્વથી કસાયલું હતું તે વોર્થની લડાઇની વખતે દુશ્મનનાં તોપખાનાથી ધાસ્તી ખાઇ ગયું અને સામો બલવો ઉઠાવી છુટું પડી ગયું. વળી દોશીઈનું લશ્કર કંઈબી જાણવાજોગ મારામારી કરવા વગર યા દુશ્મનની સામે હરીફાઈ કર્યા વગર હાર ખાઈ હિચકારાપણે સામો કેટલોક લડાઇનો અસબાબ ખોઈ બેઠું. એ ઉપરાંત કબુલાત પ્રમાણે બીજું વધુ લશ્કર ફ્રાન્સથી આવી શકયુંજ નહી, પણ જર્મનોતો જાણે દર રોજ નવા ગંજાવર લશ્કરને જનમ આપતા હોય તેમ તેની રેલ લાવતાજ ગયા. એ ઉપરથી સાફ જણાઈ



સારબ્રુક આગળ એક ટેકડી ઉપરથી શાહ નેપોલિયન પોતાના બેટાને
લડાઈનો દેખાવ બતાવેછે.

આવ્યું કે ફ્રાન્સ ફોકટનું દમર મારતું, ફોકટની ઇતરાજી કરતું હતું, તેનું લશ્કરી ખાતું હાલહવાલ, તેનું મોદીખાતું લુચ્ચું, તેનું તિજોરીખાતું ચોરટું માલમ પડયું. આટલા દહાડા સુધી એક શેખચલ્લીની માફક દુનિયાનું ખોટું બેહેસ્ત જાણે તેઓના હાથમાંજછે એવુ તેઓ સમજતા હતા. પોતાની ગરૂરીની ખુમારમાં આગળી કીર્તિ, આગલી જિત, આગળી જાહોજલાલીની મૂર્તિઓને પૂજતા હતા. લશ્કર મોજ મઝામાં, અમલદારો મોજમઝામાં, શેહનશાહ મોજ મઝામાં ગરકાવ બનેલા હતા જેથી બધાંનું સત્યાનાશ વાળ્યું.

સરદારોમાં, સેનાપતિઓમાં, શપેસાલારોમાં શુરાતન તથા જંગનો વિચારતો હતોજ નહી. લડાઈપર નહી પણ મોજમઝા મારવા ગયા હોય તેમ ભારે રંજ ખેંચી ઘોડેસ્વાર થઇ દુશ્મનોનાં મથકોની જોસતેજો કરવાને બદલે સુંદર ગાડીઓમાં બિરાજી ફરવા નીકળતા. રસ્તામાં જંગનાં મેદાનમાં પોતાનું રંગીલું પેરિસ સમજતા. ખરાબ બદચાલની ઔરતોના સંગમાં બેશી દર રોજ તરેહ તરેહવાર પક્[illegible] ા ઉપર હાથ નાખતા, જાણે તેઓ તો નામને ખાત[illegible] જ રણમાં આવ્યાછે. જાણે તેઓના બાપદાદા આકાશમાંથી ઉતરી આવી દુશ્મનોની સામે લડશે એવા ધુનમાંને ધુનમાં આજે જનમ સુધી નહી મટે એવો નામોશીનો કાળો ટીલો કપાળે ચોંટાડી બેઠાછે. આટલી બધી શાહાને ખબર નહી હતી. પુર આશાથી ફતેહમંદ લડાઈઓ હાથ કરવા તે હોંસ ભરયો પેરિસથી નીકળ્યો પણ મેટઝ આગળ આવી જોતાં ગભરાયો. પોતાની ધારણામાં ઠગાયો, ફ્રાન્સ બેહોરમત થયું, ખાવિંદની મેહેરબાનીનાં છતરમાંથી હાદેસાના તડકામાં આવી પડયું; અને પોતાની ભુલ ઘણીજ મોડી જોઈ.

સારબ્રુક આગળ લડાઈ.


જયારે વગર વિચારે ભુલાવાનાં બિઆબાનમાં ભોરવાઇ આવી મુશ્કેલ લડાઈ માથે ખેંચી લીધી તો પછી શું કરે. કોઈબી રીતે તે ચલાવવી જોઇયે, કોઈબી રીતે તેની સામે થઇ કંઈબી નિવેડો જિતને ખાતર નહી તો માત્ર આબરૂને ખાતર પણ લાવવો જોઇયે. તા૦ ૩૦ મી જુલાઇએ ફ્રેન્ચ લોકોએ સારબ્રુકનાં ખોલ્લાં શેહેર ઉપર હુમલો કીધો પણ તે તરત પ્રુશિયનોએ હઠાવી દીધો. બીજી આગસ્ટે ફ્રેન્ચોએ ફરીથી હોમલો કીધો અને તેમાં તેઓ ફાવ્યા. પેરિસથી આશરે ત્રણસો માઇલને છેટે સારબ્રુકનું રળિયામણું શેહેર આવેલુંછે. એની બાજુએ સાર નામની ફળદ્રુપ નદી વહેછે. આસપાસનો દેખાવ ઘણો જોવાલાયક અને મનહરણ કરનારોછે. મોટી મોટી ટેકડીઓ, તરેહવાર જાતની લીલોતરીઓ, સ્વચ્છ પાણીનાં નિર્મળ ઝરા અહિંથી તહિં વેહતા જણાયછે, જમીન ઘણેક ઠેકાણે રશાળછે. બેહદ કોળસાની ખાણો મોજુદછે અને આસપાસ બચાવને ખાતર જબરદસ્ત કિલ્લાઓ આવી રહેલાછે. અહિંયાં એક ઉંચી ટેકડી ઉપર શાહા નેપોલિયન પોતાના અમલદારો તથા પેલા જુઆન બેટા સાથ ઉભેલાછે અને લડાઇનો હિગામ ચિંતાતુર થઈ જોયછે અને નિશાન કરી પોતાના બેટાને કંઇ દેખાડેછે. એ બાબતનો આબેહૂબ દેખાવ પાસેનાં ચિત્ર ઉપરથી માલમ પડશે.

સારબ્રુકનું શેહેર અગત્યનું હતું અને એક રીતે જોતાં ફ્રેન્ચ શિપાઇઓની ઉલટ નહી તોડવા સારૂ શેહનશાહે તે ઉપર હોમલો કરવાનો હુકમ આપ્યો. એ શેહેર જર્મનીનાં હાથમાં રહેવામાં ફાયદો એ હતો કે ત્યાંથી ત્રણ ત્રણ જૂદી જૂદી આગગાડીની સડકો બાંધેલી હતી કે જેની મારફતે સરંજામ લડાઇનો અસબાબ જોઇયે તેટલો અને જયારે પસંદ પડે ત્યારે લાવ લઇજા થઇ શકે. વાસ્તે એવી જગા દુશ્મનોના હાથમાં રહે એવું શાહાએ દરૂસ્ત ધાર્યું નહી તેથી તેણે તરત તે ઉપર ધસારો કરવાની પરવાનગી આપી. સવારનાં નવ વાગાથી લડાઈ સરૂ થઈ તે છેક બપોરનાં એક વાગા સુધી ચાલુ રહી; અને શરૂઆતમાંતો ફ્રેન્ચોની સામે ફતેહનું ચક્કર ઉંધુ ફરવા લાગું. પ્રુશિયનોના તોપના મારાથી ટપોટપ બકરાંની મિસાળ ફ્રેન્ચો ગબડી જવા લાગા; પણ અંતે જયારે [illegible]નો પેલો રાક્ષસ પેલી લાંબી મુદતે અને ભારી હિકમ[illegible] પેદા કીધેલો ભયંકાર તોપોનો સાંચો પેલી મીત્રેલાયરનો [illegible] વેહેલી મદદ ફ્રેન્ચોએ ચા[illegible] ત્યારે લડાઈનું સુકાન ફરી ગયુ અને જાવનાં [illegible] આ ગંજાવર યંત્રથી પ્રુશિયાના કદાવર શિપ[illegible] ઓએ હાર ખાઇ નાશવા માંડયું. તેઓ સારબ્રુ[illegible] શેહેર ફ્રેન્ચોને માટે છોડી ચાલ્યા. પણ અરે મિત્રેલ[illegible] તું કોણછે? તારામાં કેવી કેવી શકિતછે, તારૂં જોર [illegible] ? તારી બનાવટ કેવીછે તે દુનિયા[illegible] લડવૈયાઓને જાહેર કર કે તારી ભયંકાર અસર પિછાની કોઇ દહાડો તારો ઉપયોગ ચાહે.

મિત્રેલીયર.

"લડાઈ! ભયંકાર લડાઇ! જીવજંતને જમે કરનારા જાલમ જમ! પૃથ્વીને પાયમાલ કરનારા પાપી પલીદ! વેપાર વણજનો નાશ કરનાર, સુખ સંપતિનો ભોગ લેનાર, મનુષ્ય જાતનું ચિત્ત ચોરવનાર ચંડાલ! તારૂં નેશ કદમ પગલું પૃથ્વીની હસ્તીથી તે આજ [illegible] રંવાર આ દુનિયામે ધુજાવતું આવ્યુંછે!
લડાઇથી દેશો, લડાઈથી શ[illegible]
ઓ અને પ્રજાઓ
કદર જિ[illegible]
લ[illegible]

રથી હાલ પ્રુશીઅનો ફ્રાન્સને ધ્રુજાવેછે. જમાનાના ચક્રને ફેરવનારૂં, અસલી શેહેનશાહતોને જમીનમાં લોટાવનારૂં, અને મગરૂર શિપાહોને નરમ પાડનારૂં સાધન લડાઇછે. કોઇબી દેશમાં મોટો ફેરફાર સેંકડો વરસો થયાં હોય, કોઇબી નવી કળાકૌશલ્ય અજવાળામાં આવી હોય, જે કારણથી માણસજાત જોરાવર થવાને આતુર થતી હોય; ટુંકમાં કાંઈબી માહાભારત બનાવ બનનાર હોય તો તેની હરોલમાં પેહેલો લડાઇનો દેખાવ નજરે પડેછે. એ હિંગામમાં વેપાર વણજ બંધ પડેછે ખરો, પણ વળી હંમેશ ઉપયોગમાં ન આવતી વસતુનો ખપ નીકળી આવેછે. મગરૂરની મગરૂરી તુટેછે, પ્રજા પોતાની નાકેતી જોયછે. એ નાપાક પલીદની ધાસ્તીએ સ્વદેશ મજબુત કરવાનું સુજ પડેછે. ના—એટલુંજ નહી પણ સામો હરીફ જે તૈયારીઓ કરે તે કરતાં વધારે ચહડતા થવાની ઉલટ છુટેછે. સ્વપ્નામાં નહીં હોય એવી ચીજો અજવાળાંમાં આવીછે, કાને સાંભળેલાં કેતક આંખે દીઠામાં આવ્યાંછે. પેહેલાં માણસ જાતે ચીઢમાં આવી પથ્થરથી માથું ફાડી પોતાના ભાઈબંધનો જીવ લીધો હ-




મિત્રેલીયર (આગલનો દેખાવ.)

તો. પછવાડેથી લાકડીઓ અને સોટાઓની ગરજ પડી, પણ તેબી સાધારણ થવાથી હાથના અને અંગનાં બળ ઉપરાંત બીજા કોઇ બળની ગરજ લડનારાઓને માલમ
...ભાલો ચાલી, તેબી પુરતી ન માલમ પડવાથી
...વાળાંમાં આવ્યાં. તેથી ઘણાં વરસ
...શાં બિસાદમા ? ગુરજ, ત-
...પણ તેબી વ-
...વળી આ
...થઈ

શકે તેમા કાંઈ દમ નહીં ! કાંઇ એવું જોઇયે કે લગાર દૂરથી મારામારી થાઈ શકે. તીરથી આ ગરજ સરી શકે પણ ભાઇબંધનો જાન લેવાને તે પુર શક્તિવાન્ નહીં માટે નાચાર ! તેબી હથીઆર ફોકટ ગયું. કોઇ અકસમાતથી દારૂગોળાની બલાએ આફત સુજ પડી, અને ત્યારથી લડાઇના હેબતનાક રાક્ષસનાં પડ વિખર્યાં, લાખો આદમીઓની ખુવારી ત્યારથી થવા માંડી. બાહાદુર લડવૈયાઓને બદલે હિચકારો ભાગ લડાઈમાં વધારે આવવા લાગ્યો, મજબૂત બાજુ કરતાં ચોકશ નેમવાલા

વધારે પોશાવા લાગ્યા અને લડાઇનું રંગરૂપ ફરી ગયું. દારૂગોળાની મદદથી પેહેલાં થોડા ફુટ ગોળી દૂર ઉરાડવામાં આવી પણ આસ્તે આસ્તે પાંચસો સાતસોથી તે હજાર વાર દૂર ફેંકનારી બંદુકોએ જન્મ લીધો. પણ બંદુકે તો **એક** ગોળી ફુટે, ને ઘણુંતો **એક** જીવ મરણ પામે તેમાં શું વળ્યું ? એ રીતેતો પાંચસો માણસ મારવા માટે પાંચસો બીજાં આદમીઓ અને પાંચસો બંદુકો જોઇયે. કાંઈ એવું ન થાઈ શકે કે સો આદમીઓએ ૫૦૦ ગોળીઓ ફુટે અને ૫૦૦ આદમીઓને બસ પડે ? ઉપલાં ઓજારો જયારે બનાવ્યાં ત્યારે કાળાં માથાંનો માનવી આ કર્યા વગર રહે ? અલબતાં નહીં. પેહેલાં ચકમકની બંદુકોપરથી તોટીપર આવ્યા, ત્યાંથી બીજો સુધારો થતો ચાલ્યો. સનીડર, બ્રીચલોડર, હેનરિ માર્ટીની, નીડલ વગેરે બંદુકો નીકળી પણ તે સઘળી **એકજ** ગોળી ફેંકે, એટલે તે સઘળી કોસેથી રદ ગઈ. પછી ઘોડાથી ખેંચાતી મોટી બંદુકો યાને તોપોમાં વિચાર કોઇને આવ્યો. એક તોલાની ગોળી ઉપરની ૧૫ રતલી ગોળાઓ ઉપર કુદકો મારવામાં આવ્યો, તેમાંથી વળી જૂદી જૂદી જાત, આરમ્સ્ટરાંગ, ગ્રેપશાટ, ચેશપાટ વગરે. આજથી પાંચ છ વરસની અગાઉ સુધીતો આ પ્રમાણે રાહાધાટ ચાલ્યા કરતો હતો, પણ હાલમાં ચાલેલી યુરોપની લડાઇએ તેમાંથી ફેરફાર કર્યોછે. ફ્રેન્ચ લોકોએ "મિત્રેલીયર" નામની એક બીજી તોપ શોધી કાહાડીછે. આ હથિયાર ઉપર તેઓ ઘણા ગે



મિત્રેલીયર (પાછલનો દેખાવ.)

સતાક રહ્યા હતા એવું માલમ પડયું, પણ આખરે આ યંત્રે તેઓને દગો દીધોછે. ધારવા જેટલી તે ખરાબી કરી શક્યું નથી. ફ્રેન્ચોની મરજી માફક તેણે પ્રુશિયનોનો "**કચરઘાણ**" કીધો નથી. વકી રાખવા પ્રમાણે તેણે દુશમનોને ઉભી પુછડીએ નશાડયા નથી—પણ ઉલટું દુશમનોના હાથમાં જઈને પોતાનાજ જનમ આપનારને કાયર કીધાછે. આ સઘળા પરિણામ લાવવામાં આ નામીચાં યંત્રનો વાંક નથી. વાંક સઘળો ફ્રેન્ચોની કવાયતનોછે. એ નામાંકિત હથિયારનું એક ચિત્ર વાંચનારને માટે આપ્યુંછે. આ ઓજાર ફ્રેન્ચોએ શોધી કાહાડયુંછે, એવા ખુમાટાથી લોકો થરથર કાંપતા હતા તેની હુબેહૂબ તસ્વીર દેખાડવાની અમોએ તજવીજ કરીછે.

"કોઈબી જોનારને તરત માલમ પડશે કે તેનો બાહેરનો દેખાવ સાધારણ તોપના જેવોછે, તોપનીજ માફક તેને ગાડીઆં ઉપર ચહડાવીછે અને તેજ માફક ઉંચી નીચી તથા આજુ બાજુએ મંડાઈ શકાયછે. સાધારણ તોપ કરતાં વજનમાં તે હલકીછે અને માણસોથી ઘસડાઈ શકાય એવીછે, તે એકંદર ચાર ફુટ લાંબીછે. ૩૭ સાધારણ બંદુકોનો એક ભારો બાંધી તેમાંથી જેમ
ગોળીઓ એકદમ છોડવામાં આવે તેમ
યર" માં કરવામાં આવ્યુંછે
માણસો જોઈતાં
લાવી શકે
માણ

અને તેટલાજ વખતમાં ૩૭ દરજ્જે વધારે કામ કરી શકેછે. તોપને છેડે એક મોહોટું મોહોડું હોયછે, તેમ આ મિત્રેલીયરમાં બંદુકના જેટલાં ૩૭ મોહોડાંછે. અને બંદુકના ઘોડાને બદલે ૩૭ ઘોડાઓનું એકજ ચક્રછે. આ મિત્રેલીયરમાં ઘણીક ગોળીઓ પડી રહેછે અને પોતાની મેળે યંત્રના પાછળા ભાગમાં ખપતી ખપતી વપરાયછે, એકજ હાથો ફેરવ્યાથી સઘળી ગોળીઓ સાથે છુટેછે અને "મિત્રેલીયર" ને પાછી ભરવી પડતી નથી પણ પોતાની મેળેજ ભરાયછે. સઘળી ૩૭ ગોળીઓ સાથે છોડવી કે એક પછી એક છોડવી તે તોપચીની મરજી ઉપર આધાર રાખેછે. ૩૭ ગોળીઓ ભરવા અને છોડવાને ફક્ત ત્રણ સેકંડનો વખત લાગેછે. યંત્રની ઘણીક તપાસ આગળથી કરવામાં આવી હતી તે વેળાએ સાબિત થયું કે પાંચ વખત મળી ૬૨૫ ગોળીઓ આ યંત્ર છોડી શકેછે અને ગોળીઓનો અર્ધોઅર્ધ ભાગ ૧૫૦૦ વાર સુધી બરાબર કારગત લાગેછે. એક તપાસ વેળાએ છ રતલી ગોળાની ચાર તોપો બાર વખત ફોડીઆમાં આવી અને તેથી જે પરિણામ નીપજયું તેવુંજ પરિણામ આ માંહેલી એક "મિત્રેલીયર" એક મિનિટ સુધી ફોડવાથી નીપજયું હતું. અર્ધી મિનિટને અંતરે ૧૦ વખત આ "મિત્રેલીયર" છોડયાથી સઘળી મળી ૩૩૦ ગોળીઓ ઉડી હતી અને તે માંહેની ૨૭૮ ગોળીઓ ૫૦૦ વાર દૂરની [illegible] ૧૨ ફુટ લાંબી નિશાન ઉપર આબાદ લાગુ [illegible] હતી. વળી [illegible]મા સઘળું ભરવા તથા છોડવાનું અને માંડણી કરવાનું કા[illegible] એકજ માણસે બજાવ્યું હતું. "મિત્રેલીયર" [illegible] દરેક નાકાંમાંથી અર્ધા રતલની ગોળીઓ છુટેછે અને [illegible]માં યંત્રમાં ૫૦૦ ગ્રેન સુધી બારૂતનો ખપ લાગેછે [illegible]ગ્રામાં ઘણું ૨૫૦૦ વાર સુધી ગોળીઓ જાયછે [illegible] મિનિટે ૨૫૦ ગોળીઓ સેહેલથી છુટેછે. પણ એ સઘળું છતા તેને શોધી કાહાડનારા બાપડા ફ્રેન્ચોની શું હાલત! પોતાનાં જોરની પુર ધુંધમાં, "મિત્રેલીયર" થી નાશકારક ખરાબી કરવાની પુર આશામાં, પોતાના શાહાનશાહાની સરદારી તળે "મારસેલેસ" નું ગીત ગાતા પેરિસથી નીકળેલા આ બહાદુર લોકો પ્રુશિયાની હદ સુધી જઇ પોંહોંચ્યા પણ જમાનાએ તેઓને યારી આપી નહી. સીડન નામની જગા આગળ તેઓનો શાહાનશાહા નેપોલિયન દુશ્મ[illegible]થ ગયો ત્યારથી ફ્રેન્ચોની હાલત બુરી થાઈ [illegible]ડો ત્યારથી ગણાવા લાગ્યો. વળી [illegible]ને સ્ત્રાસબર્ગ શરણ થવાથી [illegible]ને હાથ ગયાં અને [illegible]વ્યો નહી. [illegible] જઈ

લાગ્યો અને ૧૦૦ દિવસ સુધી બરાબર ૫૬ માઇલ ઘેરાવાના શેહેર ઉપર જાથુકનો ઘેરો નાખી માંહેની ૨૦ લાખ આદમીની મોટી વસ્તીને આખરે ભૂખમરાથી આજાબ પોંહોંચાડી શરણ થવાની ફરજ પાડી. "મિત્રેલીયર" ની અસર હવાપર ઉડી ગઇ અને આખરે તે દુશમનોના હાથમાં જઈ "પાલેલા કુતરાએ પગ કરડયો." તેણે કરેલી ખરાબી કાંઈ જેવી તેવી નથી. હજારો માણસોના જાન આ હથિયારે લીધાછે, હજારો માતાઓને રડતી કરીછે, લાખો બાળકોને માબાપ વગરના કર્યાંછે અને સંખ્યાબંધ સ્ત્રીઓને પોતાના ધણી વગર રખડતી બનાવીછે.

"અફસોસ! આથી વધારે નાશકારક અને ખુનખાર હથિયાર માણસજાત બીજું કયું શોધી કાહાડશે? ન ધારેલું એવું યંત્ર બાહેર પડવાથી સઘળું યુરોપ ચોંકયુંછે અને તેથી સરસ વધારે કાંઈ શોધી કાહાડવાને કોણ જાણે કેટલાક બીજા કસબીઓનું મન રોકાયું હશે? પૃથ્વીમાં અજાયબીનો છેડો આવનારજ નથી. આજે કાંઈ તો કાલે કાંઈ, એ પ્રમાણે ચાલતુંજ આવેછે. દેખાદેખી અને હરીફાઇ જેટલું કરી શકેછે તેટલું બિજા કશાંથી થતું નથી. તેમાં લડાઈમાં જિત મેળવવાનો લોભ તો ન બનેલા બનાવો આપણી આગળ લાવી મેલેછે. ઇશ્વર પાસે એવીજ દુવા માંગયે કે આપ બચાવ માટે એવી કળાકૌશલ્ય શોધી કાહાડવાને તે પરમ કૃપાળુ માણસ જાતને બુદ્ધિ બક્ષે, પણ પોતાના ભાઈબંધોને કતલ કરી તે ઉપર કીર્ત્તિ મેળવવાના મહાપાપી લોભથી તેઓને દૂર રાખી સઘળે સુલેહ સંપજ અને નચિંતાઇ ફેલાવે કે જેથી સઘળાઓ એક અવાજથી તેની એબાદતમાં મસગૂલ રહી તેની દરગાહામાં હમેશનું સુખ પામે."

આવા નાશકારક યંત્રથી તોબા પામી પ્રુશિયનોએ પોતાના મુડદાંઓની લાસ એકઠી કરવા સારૂ સારબ્રુકની લડાઇને વખતે મેહેતલનો વાવટો ઉગાડયો જેથી તરત લડાઇ બંધ પડી શાહા નેપોલિયન મેટ્ઝ તરફ પાછો ફર્યો અને ત્યાંહાંથી પેરિસ મધ્યે પોતાની રાણી ઉપર લખી જણાવ્યું કે "આપણા બેટા લૂઈ ઉપર આજ તોપનાં ગોળાની ક્રિયા થઇછે. તે લડાઈ જોઈ અતીઘણો સાંત હતો. પ્રુશિયનોએ સામે થઈ બચાવ કીધો પણ અંતે તેઓ સારબ્રુક છોડી ગયાછે. બંદુકની ગોળીઓ છેક જે ટેકડી ઉપર અમો ઉભા હતા ત્યાંહાં અમારા પગ સુધી આવી પડતી હતી. એક ગોળી છેક લૂઇની આગળ આવી પડી તે તેણે પાસે રાખીછે. તેને આવો ધીરો જોઈ કેટલાક શિપાઇઓની આંખમાંથી આંસુ ટપકવા લાગાં. આપણો એક અમલદાર અને દશ શિપાઈ માર્યા ગયાછે."

ફ્રેન્ચો તથા પ્રુશિયનોમાં દારૂગોળાથી વપરાતાં હથિયારોમાં મુકાબલો.

મિત્રેલીયર જેવાં ભયંકાર યંત્રથીતો આપણે વાકેફ થઇ ચુકા છૈયે અને જ્યાંહાં સુધી એથી વધારે સારૂં બીજું કોઈ હથિયાર કોઈ શોધી કાહાડે ત્યાંહાં સુધીતો એ તોપખાતાંમાં સરદારી ભોગવવાનું. ફ્રેન્ચોનું જોઈ પ્રુશિયનોએબી મિત્રેલીયર બનાવવા માંડી અને તેઓબી તે વાપરવા લાગા પણ તેમાં કંઇ નવો સુધારો યા વધારો કીધો હોય એવું લાગતું નથી. એ ઉપરાંત પ્રુશિયનો પાસે એક બીજુંજ ઘણું ઉપયોગી હથિયાર આગમજથી શોધી કાહાડેલુંછે કે જે હથિયારની મદદથી તેઓ ઓસ્ત્રિયનોને હફાવી શકયાછે. એ હથિયાર "નીડલ ગન" ને નામે ઓળખાયછે. એ આકારમાં સાધારણ બંદુકનાં જેવુંજ હોયછે પણ એક તીખાં લોહોડાંના સોય જેવા અણીદાર કટકાની મદદથી એ બંદુકની ગોળી ફુટેછે. એમાંથી એક મરતબે નજદીક છ ગોળીઓ ફુટેછે. સાધારણ ગોળીઓ કરતાં તેઓ જરા વધારે જાયછે અને એકદમ સાથે ફુટવાથી કોઇની તહરેની નુકશાની કર્યા વગર રહેતી નથી. પણ એને ટક્કર મારે એવી એક બંદુક ફ્રેન્ચોએ શોધી કાહાડીછે જે "ચેશેપો" ને નામે જાણીતીછે. એ બધી બાબતોમાં નીડલગનથી ચહડતીછે, વળી ગોળીનું કદ ન્હાનું હોવાથી પ્રુશિયનો કરતાં ફ્રેન્ચો વધારે ગોળીની સંખ્યા પાસે રાખી શકેછે અને વાપરી શકેછે. એક વખત ૧૮૭૦ માં એંસી શિપાઈઓની એક ટોળીએ ચેશેપો અજમાવી જોવા સારૂ બત્રીસ સેકંડમાં ૩૨૬ ગોળી એ બંદુકની મદદથી મારી તેમાંથી ૧૫૯ ગોળીએ હુબેહૂબ નિશાન કીધી. પણ શું ચેશેપો કે શું નીડલગનની ખામી એછે કે વારેઘડીએ બિગડી જાયછે અને તેમાં ચેશેપોમાં જે ઇન્ડિયા રબર વાપરવામાં આવેછે તે ગરમીથી પિગળી ચાંપ રદ થઇ જાયછે. વળી નીડલગન કરતાં ચેશેપો વજનમાં ભારીછે તેથીબી ફ્રેન્ચ શિપાઇઓને તેની હરકત પડેછે. એ ઉપરાંત ફ્રેન્ચોનાં આકળા સ્વભાવ પ્રમાણે એ હથિયાર કોઈ વખતે તદન નકામું થઇ પડેછે તેનું કારણ એકે એક મરતબે એ હથિયારની મારફતે નજદીક એક ડજન ગોળીઓ છુટેછે. વાસ્તે ધીરજથી નેમ તાકીને બંદુક છોડી નહી હોયતો બારો ગોળી કોઇબી ઉપર નિશાન કર્યા વગર રદ જાયછે અને તેમ થવાથી જરાવારમાં ગોળીની મોટી સંખ્યા પુરી થઈ જાયછે. એથી કરીને થંડા મિજાજના પ્રુશિયનો ચેશેપો પોતાની નીડલગન કરતાં સરસ હોવા છતાં ફાવી ગયાછે. તેઓએ હાલની લડાઈમાં વારેઘડીએ ફ્રેન્ચોને જોરમાં અને જહનુનમાં તેઓની ચેશેપો ઉપરાસાપરી ફોડવા દઈ તેઓનો બધો દારૂગોળો ફોકટમાં ખાલી કરાવી પોતાની નીડલગનથી ધીમે સ્વભાવે આગળ જઈ મારો ચાલુ રાખ્યો હતો જેથી વારેઘડીએ તેઓ ફ્રેન્ચો ઉપર ફતેહ પામ્યા હતા. જુઓ કે ફ્રેન્ચો આંધળા થઇ કુવામાં ઝોકાવી દેવાની પોતાની ખાસીએતથી વારેઘડીએ કેટલું સોસેછે.

ફ્રેન્ચ દરીઆઈ ફોજ.

રાણી યુજીનીએ પોતાના દરીઆઈ કાફલા હજૂર શાહાનું જાહેરનામું વાંચી શંભળાવ્યું અને એડમિરલ બુએટ વીલામેની સરદારી હેઠલ એક દરીઆઈ કાફલો બાલ્ટિકનાં દરીઆવ તરફ જર્મનોની સામે તોફાન ઉઠાવવા રવાના કીધો. બે ત્રણ કિનારા ઉપર આવેલા જર્મનોનાં શેહેરો ઉપર ફ્રેન્ચ મન્વારોએ કંઈક જુજ તોપનો મારો ચલાવ્યો અને વારેઘડીએ બેઉ બોરદુવાળાની સ્ટીમરો વચ્ચે અડડાઅડડી થઈ પણ કંઇ જાણવા જોગ તેમાંથી નીપજયું નહી. ફ્રાન્સનાં બેદરકારપણાંની કેટલી બાજુથી ફરીઆદી ઉઠાવી શકાયછે. આતો સર્વને જાણીતુંછે કે દરીઆઈ ફોજમાં ફ્રાન્સ પ્રુશિયા કરતાં ઘણે દરજજે સરસછે. એટલે સુધી કે તે ઇંગ્લન્ડ સાથબી એકબારગી બાથ ભિડી શકે. પણ જુઓ કે ફ્રેન્ચ કાફલાએ શું કીધું. કંઇજ નહી. પોતાની જમીનની ફોજની શિકસ્ત અને હીણપસ્તી મટાડવાને ફ્રેન્ચોએ દરીઆઈ ફોજથી દુશ્મનોને હંફાવવા હતા તથા તેઓનાં વેપારીઓનાં વહાણ જપ્ત કરી મોટી નુકશાની લાવી મેળવી હતી; પણ [illegible] નો કંઇજ થયું નહી. ફ્રાન્સથી પોતાના મોટા દરીઆઇ કાફલાને માત્ર નામનોજ બાલ્ટિક સમુદ્રમાં રાખવાની મતલબ એવી [illegible] હતી કે ડેન્માર્ક જે જર્મનોનાં લોહીનું ભુખ્યુંછે તે તેઓ સાથે મ[illegible] જઈ જર્મનોને હંફાવવા સામેલ થશે, પણ ડેન્મા[illegible]નાં સારાં ભાયગ કે એવી ફ્રાન્સની એલતેમાસનાં [illegible]ડા કીધા, કારણ કે ફ્રાન્સને ડેન્માર્કનાં જોડાદ[illegible] [illegible]બી રીતે જોઇતી મદદતો મળતેજ નહી. પણ સામા આવી હારની વખતે ડેન્માર્ક જર્મનીના બમણો કોફ ખેંચી લેવાથી પોતાનું સ્વતંત્રપણું ખોઈ બેસતે.

શેહનશાહનો બેટો લૂઈ.

સારબ્રુકની લડાઇની વખતે શાહા તથા તેનો બેટો તથા બીજા છ અમલદારો એક ઠેકાણે જઈ ઉભા જ્યાંથી પ્રુશિયનોની નીડલગનનો મારો માત્ર ત્રણસો વારને છેટે ચાલતો હતો અને તે ગોળીઓનો વરસાદ [illegible] સાપરી તેઓ ઉપર વરસતો હતો. પેલા [illegible]

જાદાએ આ વખતે બે ફ્રેન્ચ [illegible]

ખોતા જોઇ દિલમાં [illegible]

માન ખાત[illegible]

તારી [illegible]

કલમ લઈ કાગળ ઉપર લડાઇનો નકસો ચિતાર્યો અને તેની નકલ પોતાના એક દિલોજાન દોસ્ત જે બેરન લેમ્બર્ટનો છોકરો હતો અને જે ગાર્ડસની રિજિમેંટમાં સામેલ હતો તેના ઉપર મોકલી. શેહનશાહ આટલી ન્હાની ઉમરમાં વગર દયા લાવવે પોતાના છોકરાને લડાઇનાં હિંગામમાં લઈ ગયો તેથી લોકોનાં મન જરા ઉશ્કેરાયાં અને ઘણાખરાં શાહાની શામે બોલવા લાગ્યાં.


પણ જયારે યુરોપના રાજાઓ અને રાજવંશીઓ પોતાના વારસ તથા બેટાઓને પોતાના જેવાજ બહાદુર અને લશ્કરી કવાયતમાં માહેર કરવાને એકમતથી કબૂલ થાયછે ત્યારે શાહાનો આ દાખલો દલગીર થવા જોગ નથી. પોતાના બેટાને આટલા વયથી શસ્ત્ર કરવામાં તે ખુબી ભરેલું અને પોતાના રાજને સલામતી ભરેલું સમજે એમાં કશો સક નથી. વળી જયારે શું લશ્કરમાં કે શું દરીઆઇ કાફલામાં બીજા માણસોનાં છોકરાઓ ન્હાની ઉમરમાંજ નોકરી કરેછે તો યુરોપ જેવા સુધરેલા વિચાર વાળા ખંડમાં રાજાના બેટાઓ કાં નહી ગાદી ઉપર આવ્યા પેહેલાં બધી વાતથી વાકેફગાર થાય અને પોતાને પોતાના બાપની રૈયત માફક કાં નહી ગણે તે કોઈનુંબી સમજુ મગજ જોઇ શકે નહી.

પ્રકરણ ૩ જું.

ફ્રેન્ચો ઉપર જર્મનોનો અચબુચ હુમલો—તર્કોસ શિપાઇઓનું જહનુન અને જનરલ દુએ—જર્મનોનાં ધીરા મીજાજ અને તેઓનાં શરીરનું વજન—ઉઅર્થની લડાઈ—ઉઅર્થની લડાઇમાં ફ્રેન્ચોની હારનાં કારણો—પ્રુશિયાનો શાહાજાદો ફ્રેડરિક ઉલિયમ—ફ્રોરબેકની લડાઈ—ફ્રેન્ચોની હારની પેરિસમાં પોહોચેલી ખબર—ફ્રેન્ચ લશ્કરમાં ફરીઆદના પોકાર—જર્મનોની સારી કવાયત વિષે ફ્રેન્ચોનું ઉચ્ચું મત—લડાઇઓની હારથી પેરિસમાં મોહોટો ઘભરાટ—પેરિસનાં બચાવની તૈયારી—જર્મનોનાં શાહાજાદાના મરણની ખોટી અફવા—બરલીનમાં ખુશહાલી.

ફ્રેન્ચો ઉપર જર્મનોનો અચબુચ હુમલો.

જે મિશાલે ગગડાટ, તોફાન, વરસાદ અને પવનની મોસમમાં કોઇ કોઈ વખતે આકાશ ખુલ્લું થઈ જાયછે અને ગરીબ રાહદારીને વગર ધાસ્તીની મુસાફરીની આશા આવેછે, ...ને ખુશહાલીથી તેનું ... થઇ ગયેલું દિલ ઉ... તે મિશાલ આ ... લડાઇના ભારી તોફાનમા ફ્રેન્ચ રાહદારીઓનાં સર ઉપરથી આફતનું ઘેરાયલું વાદળ પસાર થઈ ગયું અને જર્મનોનાં મથક ઉપર ઉતર્યું. આવા બનાવથી ફ્રેન્ચોમાં નવુંજ કૌઅત, નવીજ ...જ જુસ્સો ... બોલ



જનરલ ડિ ફેલી.

ફ્રેન્ચોને ભારી થંડી સાથ જમીનમાં દાબી નાખ્યા. તારીખ બીજી આગસ્ટે ફ્રેન્ચો ખુશહાલ દિલથી પોતાની છાવણીમાં આરામ સાથ નિંદમાં પડયા, પણ જુઓ કે તારીખ ચોથીએ તે બિચારાઓ ઉપર કેવી રસતાખેજ ઉઠી રહી. જુઓ કે રાજા ઉલિયમના શૂરા બેટા શાહાજાદા ફ્રડરીક ઉલિયમે કેવી તહરેની જંગ મચાવી દીધી. જનરલ દુએના હાથ હેઠલ પડેલાં નજદીક દશ હજાર માણસોને એ જુવાન શાહાજાદાએ પોતાની નજદીક લાખ માણસની ફોજ સાથ ચુરેચુરા કરી નાખ્યું. એ ખુન ભરેલા જંગથી વીસેનબર્ગ જેવી રળીઆમણી જગા લોહીલુહાણ થઈ. એ જગા ઉપર જબરદસ્ત કિલ્લો પોતાની આસ-

પાસ આવેલા બીજા મજબૂત કિલ્લાઓ સાથ ફ્રાન્સની હદની નેગેદારી કરતો હતો. એ કિલ્લાની બાજુએ નિર્મલ આબની એક નદી વહેછે. જે લોટરને નામે આશકારાછે. એ ખુદરતી પ્રવાહના વહેવાથી આસપાસની તમામ જમીન હળીઆરીથી ભરપુર થઇ રહેછે. ચો તરફ ન્હાની ન્હાની ટેકડીઓ ઉભી થયલીછે જે ઉપરથી આસપાસનો દેખાવ ઘણો મનોરંજક લાગેછે. એવી એક ગીસબર્ગ નામની ટેકડી ઉપર ફ્રેન્ચ શિપાઇઓ છાવણી કરી આસાનીથી પોતાનો ખોરાક પકવતા હતા. પોતાની આસપાસ દુશ્મનોનું મથક છે કે નહી તેની તેઓએ આગમચથી તલાસ કીધી હતી તેથી વધારે બેદરકારપણે કોઈ અહિં, કોઈ ત્યાંહાં, કોઈ ફરતું, કોઇ જાગતું, કોઇ ઉંઘાતું, કોઈ ગપાટા મારતું પડેલું હતું. એ બેદરકાર બકરાંઓમાં જર્મનોનો છેડાયલો વાઘ એકદમ આવી પડયો; અને તેઓને ઘભરાવી ઓચંબામા નાખ્યા. નજદીક દસ હજાર ફ્રેન્ચો ઉપર એક લાખ જર્મનો કીડીની મુઆફક ઉલટી પડયા અને પોતાની મઝબુત કવાયતથી, ધીરા સ્વભાવથી તથા સંખ્યાનાં જોરથી બિચારા ફ્રેન્ચોને કચડી નાંખ્યા. ફ્રેન્ચોનો પેલો જાણીતો અને વડો સરદાર મેકમોહન આએ વખતે સાસબર્ગ આગળ છાવણી કરી પડયો હતો તે, જનરલ ફેલીની ટુકડી કે જે વીસેનબર્ગથી થોડેક માઇલને છેટે સાર્ગ્યુએમીસ આગળ પડેલી હતી ત્યાંહાં જઇને તેને મળે તેટલો વખત રસ્તામાં મેકમેહાનનાં કુચ કરી... તાં લશ્કરની સંભાળને માટે વીસેનબર્ગ આગળ જનરલ એબલ દુએના હાથ હેઠલ આ ગરીબ લશ્કર પડયું હતું.

તર્કોસ શિપાઈઓનું જહનુન અને જનરલ દુએ.

જર્મનો ઓચિંતા એ શૂરાઓ ઉપર તુટી પડયા કારણ કે ફ્રેન્ચોની ફોજની આસપાસ એક ગિરચ જંગલ આવી રહ્યું હતું જેથી દુશ્મનોનું આવી પોંહોચવું જણાયું નહી. પોતાની પાસ માત્ર ત્રણ તોપો હોવા છતાં, પોતાની સંખ્યા કુચ્છ ન હોવા છતાં, પોતાની તૈયારી ઘણીજ હાલહવાલ હોવા છતાં બહાદુર ફ્રેન્ચો ઘણીજ મર્દાનગીથી લડયા. પેલા તર્કોસ શિપાઇઓની બહાદુરીનો કશો પાર ન હતો. પંખેરાની મુઆફક જર્મનોનાં દારૂગોળાથી કંઇક સેંકડો ઘડી ઘડીમાં ઉડી જતા હતા તોપણ એ હઠિલા અને જહનુની અર્ધા જંગલી શિપાઇઓ છેક જર્મનો આગળ ધસ્યા જતા પોતાના ભાલા તેઓનાં શરીરમાં ભોકી પોતાનાં સેંકડો શૂરા સાથીઓનું વેર કંઇક જુજ જર્મનો ઉપર લઇ પોતાના જાન બરબાદ કરતા. બપોરના બે વાગાને સુમારે પેલો બહાદુર ફ્રેન્ચ સરદાર દુએનું કમકમાટ ભરેલું મોત નીપજ્યું. આવો મામલો જોઇ તરત લડાઇથી ફ્રેન્ચોએ હાથ ઉઠાવ્યો. વધારે હુજતથી લડતાં એક માણસબી કદી સલામત નહી રાખી શકશે એવા વિચારથી તેઓ પાછા હઠયા; પણ જર્મનો તેઓની પાછળ લાગ્યા તેથી તેઓ તંબુ, હથિયારો અને પોતાનાં ઘાયલ થયલા સર્વ માણસો મૂકી નાસવા લાગ્યા. આ નાસાનાસમાં પેલા શૂરા તર્કોસ શિપાઇઓએ જર્મનોની કેટલીક તોપ હાથ કીધી પણ પાછા તેઓ ઉપર દુશ્મનોની ધાડ ઉતરી પડી તેથી ફ્રેન્ચોનાં નવા ભોગ સાથ તોપો દુશ્મન પાછી છિનવી લઇ ગયા. ફ્રેન્ચોનાં સરદાર જનરલ દુએનું મરણ અજાયેબી ઉપજાવે એવું થયું પણ એ મરણ પછી પોતાનાં શૂરા નામ ઉપર કેવા બુરા ડાઘ લાગશે તે જહનુનમા આવેલા પેલા સરદારે મુદ્દલ વિચારયુજ નહી. માત્ર હુલડાઇથી એ શિપેસાલારે પોતાનો કીમતી જાન બરબાદ કીધો. જયારે લડાઇનું ચક્કર પોતાના લશ્કરની સામે ફરતું હતું ત્યારે એ સરદાર એક ટેકડી ઉપર ઉભો રહી સર્વ તપાશી જોતો હતો. જયારે પોતાની ફોજની હીનપસતી ભરી હાર થયલી તેણે જોઇ ત્યારે તેણે જીવની તમામ આશા કાપી તરત પોતાનાં હાથ હેઠલનાં અમલદારોને જાદા જાદા હોકમ આપી પોતે એખલો ટેકડી ઉપરથી નીચે ઉતર્યો. નીચે આવતાંજ પિસતોલ ગોળીથી ભરી પોતાના કદાવર ઘોડાને ઠાર કીધો અને ત્યારપછી હાથમાં નાગ. તરવાર એંચી દુશ્મનોની સામે જવા સામેની ટેકડી ઉપર દિવ... મિશાલ ચહડવા લાગ્યો. તરત તેના શિપાઇઓ આતુરતાથી પૂછવાં લાગ્યા કે "સરદાર તમો ક્યાંહાં જાઓછો". તેણે જહનુનમાં જ... ...યો કે "દુશ્મનો આગળ". એમ બોલી ધીરજથી ટકડી ઉપર ચહડવા લાગ્યો; પણ તરત એક ગોળી આવી લાગવાથી જમીન દોસ્ત થયો. આ લડાઇ બંને બોરદુ વાલાઓને ભારે નુકશાન ગયું. ફ્રેન્ચોનું આસરે ત્રણ હજાર માણસ મારયું ...ઉ તથા ઘાયલ થયું. માત્ર પ્રુશિયનોના ૧૫૮ અમલદારો કપાઇ ગયા. ૫૦૦ બંધવા અને એક તોપ જર્મનોનાં હાથમાં આવી.

ફ્રેન્ચોને તરત માલમ પડયું કે તેઓનું જાતી બળ યા હિંમત કશી રીતે ઓછી થઈ નથી, પણ માત્ર ખામી તેઓનાં સરદારોમાંછે. દુએ જેવા સરદારે વીસેનબર્ગ આગળ તેઓની ન્હાની સંખ્યાની છાવણી કરી રાખી ત્યારે એટલું નહી વિચારયું કે મબાદા દુશ્મનો જરથાબંધ ચહડી આવશેતો શી રીતે બચાવ થશે.

ચાવને સારૂ કયી જગાએ પાછ... લડશું. એ ઉપરાંત તેણે... કે દુશ્મનનું લશ... પોતાની... એવા

પતિની વિરૂદ્ધ જાયછે. આવી હાલતમાં આવ્યા છતાંબી બાહાદુર ફ્રેન્ચો ભારી હિમતથી લડયા. પોતાની પાસેની જુજ તોપોનો મારો જર્મનોની વગર ગણતરીની તોપોની સામે એવો ચલાવ્યો કે જર્મનો પોતે તેઓની બાહાદુરીની વખાણ ગાવા લાગ્યા; પણ જ્યાંહાં સંખ્યાની ગણતરીજ નહી થઈ શકે એવું લશ્કર વરૂઓની માફક તુટી પડે તો પછી ત્યાંહાં જુજ ફ્રેન્ચોની હિમત, તેઓની જવાંમર્દી, તેઓની કવાયત શું કરી શકે ?

જર્મનોનાં ધીરા મીજાજ અને તેઓનાં સરીરનું વજન.

વળી જર્મનોની હિંમત કાંઈ ઓછી ન હતી. ફ્રેન્ચો જે ટેકડીને મથાળે હતા ત્યાંહાં શૂરા પ્રુશિયાનોની એક ટુકડી બેધડક ચહડવા લાગી. ચહડતાં ચહડતાં તેઓનાં નજદીક હડીસો માણસ અને એક દજન અમલદારો ઉપર બેઠેલા મુસતાક ફ્રેન્ચોની ચેશેપોની ગોળીથી પથ્થરની માફક ગબડી નીચે પડવા લાગ્યા; પણ એવા દારૂગોળાની દરકાર ન કરતાં ધીરા સ્વભાવનાં હરીફો એકબી ગોળી સામે પાછી માર્યા વગર છેક ઉપર ચહડી ગયા અને ત્યાંહાં પોંહોંચતાંજ માત્ર ભાલાની મારામારીથી તેઓમાંના તમામ શિપાહીઓને જેર લાવ્યા. તપાસ ઉપરથી આટલું સાબેત થયું છે કે શરીરનાં વજનમાં જર્મનો ફ્રેન્ચો કરતાં ભારી હોયછે. ત્રણ ફ્રેન્[illegible] બે જર્મનોની બરોબર વજનમાં નિવડેછે તે [illegible] વારેઘડીએ જર્મનો ફ્રેન્ચોની શાથ હાથો[illegible] લડાઇ કરી પોતાના વજનથી જમીન [illegible] તોડી પાડી બંદીવાન પકડેછે. આએ [illegible]ઈની વખતે પણ ફ્રેન્ચની એક ટુકડીના ચૌદ માણસ ઘણું [illegible] હિંમતથી જર્મનો સામે લડયા; પણ અંતે માત્ર [illegible]નાં વજનથી તેઓ દબાઇ જમીન ઉપર પડયા અને [illegible]કડાયા.


ઉઅર્થની [illegible]ડાઈ.

પણ ફ્રેન્ચોને માથે હારનું વાદળ ઘેરાયલુંજ હતું. વળી તરત બિજી જગ્યાએ તે ભારી તોફાન સાદ ઉતર્યું અને પોતાની ભયંકાર રેલમાં નજદીક ૨૫૦૦૦ ફ્રેન્ચોને ઘસડી લઇ ગયું. જેવી દુએનાં મરણ અને હારની ખબર મેકમેહોનને પડી તેવીજ તેણે પોતાની છાવણી ઉડાવી અને દુએનાં રખડતા રઝળતા શિપાઈઓને જઈ મલ્યો અને પાછી લડાઈની તેયારીઓ કરવા લાગ્યો.

[illegible]શિપાઇઓ તેને તરેહવાર રીતે સમજાવવા લાગ્યા કે [illegible]શ્કર લાંનદોથી આવેછે; પણ તે શૂરો ને[illegible]લાહ લેવા લાગ્યોજ નહી. [illegible]૫૦૦૦ માણસ હતું [illegible]ની જગ્યા [illegible] હતી. એ જગ્યા ઉપર તેણે લશ્કરની સફ ખેંચી. આસપાસનાં દેશનો દેખાવ ઘણો સોભિતો હતો. રળીઆમણી ખીણો, લીલાતરીથી ભરપૂર ટેકડીઓ અને સ્વચ્છ પાણીનાં ઝરણો આંખોને તર કરતાં. એવી હળીઆરી ભરી જગ્યામાંથી તારીખ ૫ મી આગસ્ટનો આખો દહાડો સિતાબીથી કુચ કરતો પ્રુશિયાનો શાહાજાદો ફ્રેડરિક ઉલિયમ લડાઇનાં મેદાનમાં દુશ્મનો સામે આવી સફ ખેંચી ઉભો. આ વખતે તેની પાસ ૧૩૦,૦૦૦ માણસો હતાં અને બેશુમાર દારૂગોળો મોજુદ હતો. પોતાનાં લશ્કરની, પોતાનાં હથિયારોની, પોતાનાં લડાયક અસબાબની સાથે મનમાનતી તૈયારીઓ જોવા છતાંબી પ્રુશિયાનો શાહાજાદો ધીરજ પકડી બેઠો હતો કે ફ્રેન્ચોનું મથક ઘણું મજબૂતછે માટે દાવ ફાવે કામ કાહાડી લેવા રાહા જોવા લાગ્યો; પણ એવામાં ફ્રેન્ચ અને જર્મનોની બે ટુકડી એકબીજા ઉપર ઉતરી પડવાથી તમામ લશ્કરને બાથ ભિડવાની ફરજ પડી અને ભારે પોકાર અને જોસ્સા સાથ લડાઇ શરૂ થઈ. ફ્રેન્ચો એવી હામથી લડયા કે બપોર પડતી વખતે ફતેહનું પંખેરૂ મેકમેહોનનાં સર ઉપર ઉડતું સર્વને જણાયું પણ જરા વારે તે પંખેરૂં ઉડી ગયું. ખોટી આશા લઈ ગયું અને જર્મનોનાં શૂરા શાહાજાદાના સર ઉપર છત્ર કરી ઉભું. જેમજેમ દહાડો ચહડતો ગયો તેમતેમ ફ્રેન્ચોની હાર થતીજ ચાલી. જર્મન ઘોડાનાં પાંઉની લોખંડી નાળે કંઇક બેસુમાર ફ્રેન્ચ પાયદળ કચરાવા [illegible]ગી. [illegible]આવો મામલો જોઈ મેકમેહોને પોતાના લશ્કરને પાછું હઠવાનો હોકમ આપ્યો અને સારાં ભાગ્યે ઉંચી જગ્યાનો બચાવ લઇ ફ્રેન્ચો ગજબમાંથી પસાર થવા લાગ્યા. તોપણ બીજે દહાડે ગણતરી કાહાડતાં ફ્રેન્ચનાં લશ્કરમાંથી નજદીક પચીસ હજાર માણસો ગુમ થયલાં જણાયા. કમબખ્ત પણ શૂરો મેકમેહોન નજદીક પનદર કલાક સુધી ઘોડા ઉપર બેઠેલો રહી તદન થાકેલી બેભાન હાલતમાં બીજે દહાડે છેક સાંજે આડી રાહે સેવરની આગળ આવી પોંહોતો. આવી કિસમની ઉઅર્થની લડાઇ થઇ. એ ભયંકાર લડાઈનું આવું માઠું પરિણામ નીપજ્યું. આ લડાઈની અંદર ફ્રેન્ચોના હાથમાંથી પેલો ભયંકાર યંત્ર મિત્રેલિયર બેવેરીયન શિપાઇઓએ છીનવી લેતાં કેવી કસાકસી અને મારફાર ચલાવી તેનો હુબેહુબ દેખાવ પાસેનાં ચિત્ર ઉપરથી જણાશે.

ફ્રેન્ચોની ઉઅર્થની લડાઈમાં હારનાં કારણો.


આએ લડાઈમાં ફ્રેન્ચોની હારનું કારણ એવું જણાવ્યામાં આવેછે કે બપોરનાં ત્રણ વાગા શુધીમાં પાયદલે અને તોપખાનાંએ બધો દારૂગોળો વાપરી નાખ્યો હતો અને એ ઉપ્રાંત સ્રાસબર્ગ ખાતે જે માણસો મદદને સારૂ રાખેલાં હતાં તે મેકમેહોનની મદદે આવી પોંહોંતાં નહી.



ડેઅર્થ આગળ બેવેરીયન શિપાઇઓએ ફ્રેન્ચોના હાથમાંથી મિત્રેલિયર છિનવી લેતાં થયેલી કસાકસી.

વળી તારની મારફતે માર્શલ ડી ફેલીનું લશ્કર મંગાવ્યું હતું તે કંઇક ચૂકથી મોડું આવી લાગ્યું અને મેકમેહોનનું લશ્કર હાર ખાઇ પાછું ફરતું હતું તે વખતે તે આવી મલ્યું. આ લડાઇમાં પ્રુશિયનોએ ૬૦૦૦ બંધવા, બે ઝુંડા, છ મિત્રેલીયર અને ત્રીસ તોપ હાથ કીધી. પ્રુશિયાનાં લશ્કરે પોતાની જિત ઉપર ખુશહાલ થઇ પોતાનેજ મુબારકબાદી આપવા સારૂ એકસોને એક તોપ ફોડી. લડાઇ થવા પછી માર્શલ મેકમેહોને પોતાના શિપાઇઓ હજૂર એક ભાષણ કીધું અને એવું જણાવ્યું કે "શિપાઇઓ! તારીખ ૬ ઠીએ લડાઈનું ચક્કર તમારી સામે હોવાથીજ તમારી હિમતની હાર થઈ. નવ કલાક સુધી બહાદુરીથી સામે થઇ તમો પાછા હઠયાછો. ૧૪૦,૦૦૦ માણસોની સામે આપણ ૩૦,૦૦૦ માણસોને લડવું પડયું હતું અને તેટલા સારૂ મોટી સંખ્યાને લીધે આપણથી ટકાયું નહી. આવો હિગામ જોતાં હાર એ કીર્તિછે અને તમારૂં નામ જાવેદાન સુધી આ લડાઇની યાદગારીમાં યાદ રહી જશે. ખરેખર તમોએ મોટો માર ખાધોછે, પણ તેમજ દુશ્મનોએબી થોડું નથી ખમ્યું. તેઓ તમારી પછવાડે નહી લાગ્યા તેનું કારણ એજ કે તેઓને તમારાથી ભારી નુકસાન પોહોચ્યું હતું. શાહા નેપોલિયન તમારી ચાલચલણથી ખુશીછે. લોકો તમોને આશીર્વાદ દેછે કે દેશનો ઝુંડો હિમતથી જાળવી રાખ્યો. હજી આપણને ભારી સંકટો પસાર કરવાછે, ખોદા તેમાં મદદ કરશે."

ફ્રેન્ચ લોકોએ જયારે મેકમેહોન જેવા પોતાના શૂરા સરદારની હાર થયલી જોઈ ત્યારે નિરાશે અને નાસઉમેદીમાં તેઓ મશગુલ થયાં. પેરિસમાં મોટો ખળભળાટ મચી રહ્યો. શાહાનાં રાણી ઉપર પેગામો શક ભરેલા અને ફિકરમંદ આવવા લાગ્યા જેથી લોકોનાં મગજ ઉપર એવી અસર થઈ કે સર્વની નજરમાં ફ્રેન્ચનો સેતારો બરગસ્તે દિસ્યો કે જે ખુરો સેતારો હીનપસતીમાંજ અંતે અસ્ત પામ્યો.



પ્રુશિયાનો શાહાજાદો ફ્રેડરિક ઉલિયમ.

પ્રુશિયાનો શાહાજાદો ફ્રેડરિક ઉલિયમ.

મેકમેહોન જેવા સેનાપતિને ફતેહ કરનાર કોણ રૂડો સરદાર હતો. જે ધણી બાદશાહી ખાનદાનથી ઉતરેલોછે. જે ·
વતો ·

આથકાર કીધુંછે જે ધણીનું સોહામણું ચિત્ર અહિંયા બિરાજેછે તે [illegible]ગ્રી પોતેછે. એ એકપુરૅાજ રાજા ઉલિયમનો મુબારક તાલેનો બેટો અને ૧૮૩૧ માં જન્મ પામ્યો હતો. નાહાનપણમાં પોતાની નામદાર માદરની સંભાળ હેઠળ બાદશાહી દરજ્જેની કેળવણી લીધી. ત્યાર બાદ પેલા પ્રખ્યાત વાન મોલટકી તથા જનરલ વોનરૂન જેવાઓના હાથ હેઠળ લશ્કરી કવાયત અને કળા કૌશલ્યમાં તરબીએત પામી આજે પોતાના બંને ઉસ્તાદોને એણે ખુશી કરી નાખ્યાછે. અને ૧૮૫૮ માં એ શાહાજાદો આપણી મહા રાણીની એક બેટી સાથ પરણ્યો હતો અને આજ સુધીમાં કેટલાક ફરજંદનો એ પિતા ગણાયછે. એ શૂરા શાહાજાદાની પેહેલી વાખ્યવાખ્યી અને ૧૮૬૬ ની ઓસ્ત્રીયા સાથની લડાઈમાં થઈ જે વખતે એક ભારી ફોજ લઇ જેમ બનેતેમ સેતાબીથી એ પોતાના પિતરાઇ ભાઈ ફ્રેડરિક ચાર્લ્સની મદદે જઇ લાગ્યો અને તેથીજ એક નામાંકિત લડાઇની જિત પ્રુશિયાએ મેળવી; અને વળી હાલની લડાઈમાં પોતાનું નામ પુરતી રીતે સર્વ ઠેકાણે ભારિ વખાણો સાથ મશહૂર કરી બેઠાછે.

ફોરબેકની લડાઈ.

જ્યાંહાં નસીબનો પાસો ફ્રેન્ચોની ચોપટ ઉપર ઉલટોજ પડવા લાગ્યો, ત્યાંહાં જિતની આશા ગુમ થવા લાગી. નજદીક ૨૮૦૦૦ માણસો અને ૭૨ તોપ સાથ જેનરલ ફ્રોસાર્દ જે સારબ્રુકની પેહેલી [illegible] ફતેહ પામેલો હતો તે તારીખ બિજીથી તે પાંચમી આગસ્ટ સુધી સાર[illegible] પાસેની ઉંચી જગ્યા ઉપર મથક કરી પડયો હતો. [illegible] મિસાળ જનરલ દુએનાં તારીખ ચોથીએ દુશ્મનોને [illegible] થયા તેવા રખે તેના થાય એવી ફિકર રાખી [illegible]લિયને તેને સ્પીચર્ણની વધારે ઉંચી ટેકડી ઉપર [illegible] જવાનો હુકમ આપ્યો. ટેકડીઓની બે હાર આગે ઠેકાણે આવી રહેલીછે. એ બે હારની વચ્ચે એક ખુલ્લું મેદાનછે. એથી કરીને જો કોઈબી દુશ્મન મોહોડાં તરફથી સ્પીચર્ણની ટેકડી ઉપર હુમલો કરવા આવેતો જણાઇ આવ્યા વિના રહે નહી. એ ટેકડીની જમણી બાજુએ ફોરબેક આવેલુંછે. એની ડાબી બાજુએ નજદીક અર્ધા માઇલ સુધી ટેકડી નીચી [illegible] થતાં જમીન બરાબર મળી જાયછે. બિજી આ[illegible]ની ટેકડીઓ ઉપર પુષ્કળ ગિરચ ઝાડીઓછે. માત્ર [illegible]ડીજ ઓછીછે અને કોઇ કોઇ મેવાનાં [illegible] વળી એ ટેકડી એવીતો ઉ[illegible] મુશ્કેલી ભરેલું થઇ [illegible]નાં દારૂગોળા- [illegible] ચહડી [illegible]

ફ્રોસાર્દનું લશ્કર ૪૦૦૦૦ માણસનું ગણાતું હતું. જર્મનોના ચાર જૂદા જૂદા ભાગ લડાઇને માટે તેયાર આવી ઉભા; અને અજબ જેવુંછે કે સવારનાં જોતાં જર્મનોનું લશ્કર બેશક ફ્રેન્ચો કરતાં ઓછું હતું પણ જેમ જેમ લડાઈ ચાલતી ગઇ અને જેમ જેમ પુરી થવા આવી તેમ તેમ તેઓની સંખ્યા બેસુમાર વધતી ગઇ. આખો દહાડો તો ફ્રેન્ચોની બાહાદુરી ટકી રહી. જર્મનોને દડાની માફક તેઓ ઉપર આવતાંજ ગગડાવી નાખતા. પણ એક ઠેકાણેથી સ્પીચર્ણ ઉપર ચહડી જવાને જર્મનો ફતેહ પામ્યા. એ ફતેહથી બનાવ એવો બન્યો કે ફ્રેન્ચોને મેટઝ જવાના રસ્તા સાથ જે સંબંધ હતો તે તુટો અને ત્યાંહાં જર્મનો મથક કરી બેઠા. ટેકડીની ડાબી બાજુએ ફોરબેક તરફથી આ હલ્લો થયો હતો તે થતાંજ જમણી બાજુએથી જર્મનોનું બિજું લશ્કર ચહડી આવ્યું. હવણાં પાછો ફ્રેન્ચોમાં ઘભરાટ થયો, પાછા નાસાનાસમાં પડયા; રાત અંધારી થઈ. ફ્રેન્ચો આડે માર્ગે માર ખાતા નાસી મેટઝમાં આવી લાગ્યા અને રસ્તો બરોબર ખબર ન હોવાથી અંધારાંને લીધે તેઓની દુંબાલે જવા જર્મનોએ દરૂસ્ત ધાર્યું નહી. આએ લડાઈમાં પણ નજદીક ૨૦૦૦ ફ્રેન્ચો બંદીવાન પકડાયા.

આએ વખતેબી આગળ વીસેનબર્ગમાં જેમ થયું તેમ થયું. ફ્રેન્ચો પોતાના હથિયાર છોડી બેદરકાર પડયા હતા. કોઇ સુતું હતું; કોઇ પોતાનાં વાસણો, [illegible] [illegible] કરતુ હતુ. એવામાં પ્રુશિયનોની એક તોપનો અવાજ આવ્યો. એ સાંભળતાંજ બનતી તપાસ થઇ અને તરત માલમ પડયું કે જે ટેકડી ફ્રેન્ચ લશ્કર સ્પીચર્ણની ટેકડી ઉપર જવા છોડી ગયું ત્યાંહાં પ્રુશિયનોએ તોપો ગોઠવી હતી. એક પળવારમાં સર્વ તૈયારીઓ ફ્રેન્ચોએ કરી નાખી અને સફ બંધી લશ્કર તૈયાર ઉભું; પણ પોતાની આટલી ઉંચાઇ છતાં તેઓ ઘણાજ ગેરફાયદામાં હતા. કારણ તેઓને બચાવવાને કસાં ઝાડ હતાં નહી. પણ પ્રુશિયનો નીચે ઉભા રહી ગોળીઓ મારતા અને દુશ્મનોનો દારૂગોળો રદ કરવા ગિરચ જંગલો[illegible] ભરાઈ જતા. આવી કિસમની લડાઇથી વગર ધાસ્તીએ જર્મનો લડયા અને દુશ્મનોનું બેશુમાર લશ્કર જમીનદોસ્ત થતું ચાલ્યું. આટલું છતાં ફ્રેન્ચો બાહાદુરીથી લડયા અને હજુર જોઇયે તેટલો વાર લડતે; પણ જયારે જોયું કે જર્મનોનું લશ્કરતો દર ઘડી દેવોની માફક ગેબી વધતુંજ જાયછે ત્યારે તેઓએ જીવની આશા છોડી અને નાસ ભાગમાં પડયા. જયારે ફ્રેન્ચો આસપાસનાં ગામડાંઓમાંથી નાસવા લાગા ત્યારે લોકોનો દેખાવ કમકમાટ ભરેલો હતો. ગિરચ જંગલોની અંદર ગામડાનાં રહેવાસી દિવાનાની માફક અહિંથી તહિં દોડતાં અને પોતાનાં કુટુંબ, સગાં વહાલાં તથા દોસ્તોને નામની ફોક

મૂકતાં. ફિકા ચેહેરા વાળી માતાઓ પોતાના નિર્દોષ બાલકો સારૂ કલાપીટ કરતી. ઘોરવાશી થવા આવેલા લથડતા બુઢાઓ ગમગીનીમાં ગિરફતાર થઈ બેમાલમ ભટકતા. ધણીઓ પોતાની નાજૂક અબળાઓને દિલાસો અને મદદ આપવા બાવરા બની હિંડતા. ન્હાના ન્હાના બાળકો નિર્દોષપણામાં, ઘડીમાં રડતાં, ઘડીમાં હસતાં, પારકાને દોસ્ત કરવા જાણે અધીરાં, માબાપ વગર અણુજાણુનાને માબાપ કરવા ખંતી દિસતાં હતાં. આવા દુઃખ ભરેલા નાસભાગનો ખરો ચિતાર ચિતરાઈ શકાતો નથી. તે જોતાંજ આંખોમાં તંમર આવે. તે ધ્યાનમાં લેતાંજ કઠણમાં કઠણ હૈડાંમાથી આંસુ ટપકે.

ફ્રેન્ચોની હારની પેરિસમાં પોંહોંચેલી ખબર.

ઉપરાસાપરી હાર નીપજવાથી નેપોલિયન પોતે ઘભરાટમાં પડયો. તેનું મેટઝ આગળનું મુખ્ય લશ્કર ગંભીર ચેહેરા સાથ ચુપ થઈ સર્વ નાસિપાસીનાં હેવાલો સાંભળવા લાગ્યું. શાહાએ તારીખ ૭ મી આગસ્ટે પેરિસમાં જૂદા જૂદા પાંચ તાર મોકલ્યા. તેમાનાં પેહેલા તારમાં જણાવ્યું કે મેકમેહોન સાથ મારો સંબંધ ચાલતો અટકી પડયોછે તેથી મને ગઈ કાલની તે તરફની ખબર મળી નથી. જનરલ એઇલિ મને જાહેર કરેછે કે દુશ્મનની મોટી ફોજની સામે મેકમેહોને હાર ખાધી પણ સારા હાલતમાં તેનું લશ્કર પાછું કર્યુંછે. સાર નદીની બિજી બાજુએ બપોરનાં આ[illegible] ..ગ લડાઇ સરૂ થઇ તેમાં કંઈ જાણવા જોગ પરિણામ નીપજયું નથી. પણ દુશ્મનનું લશ્કર વખત જવે વધતુ જવાથી આપણા લશ્કરનાં એક ભાગે ટેકડીને મથાળે છાવણી કીધીછે. રાત ઘણી એકાંત ગઇછે. હું પોતે એ જગ્યાની વચ્ચો વચમાં જઈ મુકામ પકડું છું.

ફોરબેકની લડાઇને માટે શાહા બિજા તારમાં જણાવેછે કે માત્ર ફ્રોસાર્દની ટુકડી સામેલ હતી. બિજા સરદારોની મદદ હતી નહી. સાંજનાં પાંચ વાગે પ્રુશિયનો હાર ઉપર આવી પાછા ફરવાની તૈયારી ઉપર હતા, તેવામાં તેઓનું લશ્કર વધતું ચાલ્યું જે ઉપરથી ફ્રોસાર્દને પાછું હઠવાની ફરજ પડી; અને જે શિપાઇઓ છુટા પડી ગયા હતા તે જરા વારમાં મેટ્ઝ આગળ પાછા એકઠા થયલાછે. ઉઅર્થની લડાઇને વાસ્તે શાહ જણાવેછે કે પ્રુશિયનો પાસે આએ વખતે મિત્રેલિયર હતી જેથી ફ્રેન્ચોને ઘણું નુકશાન થયું; પણ એ વાત માન્યામાં આવે એવી નથી. ત્રીજા તથા બાકીના તારમાં તે જણાવેછે કે ઓદા કરશેતો સર્વ સમાધાન ઉતરશે. તે પેરિસ અને ફ્રાન્સનાં લોકોને દેશહિતકારીપણું જાળવી રાખવાની મજબૂત ભલામણ કરેછે.

ફ્રેન્ચ લશ્કરમાં ફરીઆદનાં પોકાર.

જે વખતે ફોરબેકની લડાઈ [illegible]તી હતી તે વખતે ફ્રેન્ચ લશ્કર એક અવાજે પોકારતુ [illegible] અમોને કોઇ એવો સરદાર આપો કે જેનામાં અમારો [illegible]બાર હોય. આએ અવાજ શું શિપાઇ; શું અમલદાર કે શું તમામ લશ્કરમાંથી એક વેળા નીકળતો. તેઓ પોકારતા કે દ[illegible]
શ્મનનાં બાળી નાખતાં આતસનાં વનમાં પોતા[illegible]
ડીને કેમ લઈ જવું તે એક હલકામાં હલકો અ[illegible]
જાણી શકેછે. પ્રુશિયનોની આગળ ગિચ્ચ જંગલ
વેલુંછે જેનો તેઓ પુરતો આસરો લેછે. તેઓનો
પનો તથા બંદુકનો જાનનો લેનારો મારો આપણ વગ[illegible] બચાવનાઓ ઉપર પડેછે અને તે આપણે ધીરજથી ખમિયે છિયે. માર્શલ મેકમેહોને શાહાને એ ભયંકાર પણ દુશ્મનની સલામતી જાળવનાર જંગલો બાળી નાખવા પરવાનગી માગી. પણ શાહા દયા લાવ્યો અને ના કહેવાડયું કે માણસાઇને ખાતર એવા જંગલોમાં ઉગી રહેલાં ઝાડો ખરાબ નહી કરવાં. ત્યારે માણસાઈ જાળવવા ખાતરજ વીસેનબર્ગ આગળ આપણું લશ્કર કચડાઈ ગયું. શાહની માણસાઇને ખાતરજ આપણા દશ હજાર પ્યારા જાન ઘડીમાં ઉડી ગયા. એગી ઘણું સારૂ કે ઝાડીઓ તળે ભરાઈ પ્રુશિયનો જેમ મરજી પડે તેમ રસ્તાબેજ ઉડાવે અને અમો તેઓનાં કળા કૌશલ્ય અને દારૂ[illegible]ળાનાં શરમ ભરેલા ભોગ થઈ પડયે. આવા [illegible] ..... [illegible]રો દાખલા આ ભયંકાર લડાઇમાં બન્યાછે પણ તેમાંનો આ [illegible] અમો જણાવિયે [illegible]
આવી રીતની ફરીઆદ ફ્રેન્ચનાં લશ્કર[illegible]
હતી અને તે વિષે કોણ કહી શકશે કે તે

જર્મનોની સારી કવાયત [illegible]
ઉઘ્ચું [illegible]ત

ફ્રેન્ચોની બેદાદી અને [illegible]
જર્મનોની સારી કવાયત, પુરતી
વિષે એક ફ્રેન્ચ સરદાર પોતે
કે હેગ્યુનોથી તે બીસચી ર[illegible]
ન્ચ શિપાઇઓ લઈ એક [illegible]
શિયનોની એક પાયદળ
અટકાવી અને કંઇક અ
યા જે ગુહડની માફક
એક ફ્રેન્ચ શિપાઈ સારા[illegible]
હતો તે જર્મનો વિષે [illegible]
જયાંહાં અગતછે ત્યાંહાં [illegible]
ડીઓ રાખીછે.
રાખીછે.
સર[illegible]

ગાર તેના લોકોછે. માણસોની આચરચલણ, શિપાઇ-ની પોતાના વ...ઓની તરફ પુરતી તાબેદારી, લ-.રી કવાયતમાં ...તી માહિતગારી, શિપાઇઓના દર-જા પ્રમાણે હસમુખો યા ગંભીર દેખાવ, દેશના ધ્યા-નો દેખીતો જુસ્સો અને વગર કમિશને નોકરી કરતા અમલદારો અને સિપેસાલારોની ભારી મેહેનત, એકી-... અને ઉલટ ખરેખર વખાણને લાયકછે. તે ફ્રે-ન્ચ લશ્કરમાં એથી શું ઉલટું જોવામાં આવેછે. .રપણું, આળસાઈ, બદફેલી, ટચાકપણું, અણજા-...ું, મેહેનત અને દુઃખ જેમ બને તેમ દૂરને દૂર ...વાનો ખંધો વિચાર અને સલામતીની સર્વથી સા-ધારણ સાવચેતીની ગેરહાજરી હામેહામ નજર પડેછે.

વીસેનબર્ગ, ઉઅર્થ અને ફોરબેકની હારથી પેરિસમાં ઘભરાટ.

પુરાણા કાળમાં આપણે જો જન્મ પામ્યા હો-ઇયે અને તે વખતનાં અધુરા પણ નિર્દોષ વિચારો આપણા મગજમાં પેદા હોય અને તેની લાંબી યાદદાસત હાલ આપણા જાણે બિજીવારનાં જન્મમાં સુધરેલા હા-લનાં મગજને તાજુ્ં કરતી હોયતો હેબતનાક લડાઇનો ભયંકાર દેખાવ આકાશમાં કેવી રીતે ચિતરાયછે અને નિર્દોષ મગજ ઉપર તે કેવી અસર કરેછે તે આપણને થોડે ઘણે દરજ્જે માલમ પડવા વિના રહે નહી. આગળા કાળને હાલનાં કાળ સાથ સરખાવી શકી... નહી બને ...વેછે. હાલનાં ફ્રેન્ચો આગળ... કાળ લોકોની માફક ...નાં ...લા મેદાનમાં જમીન ઉપર મચતી લડા-...વ જોઈ શકતા નથી; પણ માત્ર વર્તમાન ...તે જેવી જેવી ખબર મેળવતા ...તની હાલત જાહેર કરી શકેછે. ...ની, ખરાજ ઉતાવલા, ખરાજ ...ક નથી. ઘડીમાં હસે, ઘડીમાં ...ે, ઘડીમાં થંડા બને અને ઘ-... તેઓની ખાસીઅતે આજે ... આગળી જાહોજલાલીનું ...થી તેઓ એક પળવારમાં ...પતાવેછે અને તરત બિ-...રત જેવા બની જાયછે. ... મોટી હારની ખબર ...ચી રહી હશે તે વિચા-

... ઘભરાટ બરપા થયો હ-...ની જે શાહાની ...ગ ૭ મી ...ાનું જેવું ભાષણ કીધું. તેણીએ જણાવ્યું કે "ફ્રેન્ચો લડાઈની સરૂઆત આપણી તરફેણમાં ઉતરી નથી. આપણાં હ-થિયારો પેહલાંથીજ રદ થયાંછે. આવી હાલતમાં આ-પણને વધારે સાવચેત રહેવું જોઈયે અને જે ખોયુંછે તે પાછું મેળવવું જોઇયે. આપણનાં એક્સંપથી ઉભી થ-યલી એકજ ટોલી, એકજ ઝુંડો હોવો જોઇયે. મારી ખરી ફરજ અદા કરવા હું બધા દેશહિતકારી લોકોને બાપોકારથી જાહેર કરૂછું કે પોતાના દેશના બચાવને ખાતર હિંમતથી બાહાર પડવું અને એકમત રહેવું."

પેરિસનાં બચાવની તૈયારી.

એક ઘડીમાં આખાં ફ્રાન્સમાં શોર ઉઠી રહ્યો કે પેરિસ ઉપર દુશ્મનો ઘેરો ઘાલવા તૈયારછે માટે મુખ્ય પાયતખ્તના બચાવને સારૂ શું શેહેરી કે શું ગામડાંના લો-કોએ તૈયાર થવું. જનરલ દીજયને તારીખ ૭ મી આ-ગસ્ટનો લખેલો હેવાલ રાણી સુજીની ઉપર મોકલ્યો અને તેમાં જણાવ્યું કે હાલની હાલત પ્રમાણે પેરિસનો બચાવ કરવાની તૈયારી કરી રાખવી જોઇયે અને નવા શિપાઈઓ ઉભા કરવા જોઇયે. તેણે વળી એવું જાહેર કીધું કે શેહેરની બાહારનાં કોટ સર્વ તૈયારીમાં સર્વ લ-શ્કરી સરંજામ સાથ રાખેલાછે. બીજી જોઈતી તૈયારી-ઓ કરવી જોઇયે અને લશ્કરમાં જે ખુટ હોય તે ગાર્ડસ મોબીલનાં શિપાઇઓથી પુરાવી જોઇએ. ... ૧૫૦,૦૦૦ ... .ાઇનાં મેદાનમાં તૈયાર ઉભું કરવામાં આવશ અને સને ૧૮૬૯ માં વેરો નાખી ઉભા કીધેલા માણસોમાંથી નજદીક ૬૦,૦૦૦ નક્કી શિ-પાઇઓ પણ તૈયાર થશે. એ શિવાય ઘોડેસ્વારો, પાય-દળ, તોપ ખાતાનાં માણસો, ઇંજનેરો અને બિજા અ-ગત જોગ શિપાઇઓ તૈયાર થઈ શકશે. વળી તરત એવો હુકમ કાહાડવામાં આવ્યો કે પાયતખ્તનો બચાવ ગા-ર્ડસ મોબીલોનાં હાથમાં સોંપવો અને તીસથી તે ચાલીસ વર્ષ સુધીનાં રહેવાશીઓએ બચાવને માટે હથિયાર બાંધ-વાં, એવી સરકાર તરફથી તો સર્વ તૈયારીઓ કરી રાખવામાં આવી હતી. વળી લોકોનાં મન જરા જરામાં ઉસ્કેરાઈ શકાય એવાં હોવાથી હારની ખબર ફ્રેન્ચ સરકારથી દ-બાવી રાખ્યામાં આવી હતી પણ તરત બિજે દહાડે ઇંગ્રે-જી પત્રોની મારફતે એ ખબર પોહોંચવાથી ફ્રેન્ચોનાં ગુસ્સાની કશી હદ રહી નહી. સર્વ જગેજગ એકઠાં મળી પોતાનું માર્સેલીસનું ગીત ગાવા લાગ્યા અને પુશિયનોને હજારો શરાપ દઈ ગાળ દેવા લાગ્યા અને જેબી કોઈ જર્મન જેવો જણાતો હતો તેને એવો માર મારવા લાગ્યા કે તેનું ખુન કરવામાં કંઈ બાકી નહી હતું. એવો બખેડો ઘણો વાર ચાલુ રહ્યો, પણ અંતે પેરિસના પોહોરેગી-રોથી નરમ પાડવામાં આવ્યો.

જર્મનોનાં શાહાજાદાનાં મરણની ખોટી અફવા.

ધૂંડ ઉપર આવેલા ફ્રેન્ચોનું પુરૂંજ સત્યાનાશ વાળવા સારૂ એકાએક એવી ખબર ફેલાઈ કે પ્રુશિયનોએ મોટી હાર ખાધી. રાજા ઉલિયમનો છોકરો પકડાઈ ગયો. તેને ફ્રેન્ચનાં શાહા આગળ પકડી લાવતાં તેણે પોતાને હાથે શરમનો માર્યો પોતાના મગજમાં ગોળી મારી; અને તે મરણ પામ્યો. આએ ખબર વિજળી મિસાળ પંથરાઈ ગઈ; અને ફ્રેન્ચોનાં ઉશ્કેરાયલા મગજોનો કશો પારજ રહ્યો નહી.

આવી અફવાથી નાણા સંબંધી હાલતમાં થોડા વારમાં મોહોટો ફેરફાર થઈ ગયો. દલાલો પોતાની ટોપી ઉતારી ખુશહાલીથી હવામાં ફેરવવા લાગ્યા અને રસ્તા ઉપર એટલી મોટી ભીડ થઈ કે ગાડી ઘોડા ચાલતા બંધ પડી ગયા. એક પળવારમાં દરએક બારીએ વાવટા ઉડવા લાગ્યા, જે લોકો આએ અફવા બાબે જરાબી શક લાવી પૂછતા હતા તેઓને સર્વ લોકો તુચ્છકારી કાહાડતા. વળી કેટલાક આ અફવાને ખોટી પાડવા જતાં પોતાનાં જાનની એટલી ધાસ્તીમાં આવી પડયા હતા કે તરત લોકોનાં મારથી બચવા નાસી આસપાસનાં ઘરમાં ભરાઈ જવું પડતું હતું. નજદીક બે કલાક સુધી આવી ખોટી ખુશહાલીમાં જારી રહેવા પછી અપટ લોકોને માલમ પડયું કે એ અફવા તદન ખોટીછે અને માત્ર નાણાના બજારમાં ફેરફાર કરવા સારૂ તરફથી એવી બુમ ઉરાડવામાં આવીછે. લોકો તર[illegible] ઉશ્કેરાયાં અને નાણાવટીઓ ઉપર વેર લેવા જહનુનથી દોડયા. સર્વ નાણાવટીની જગ્યાઓ જરા વારમાં ઉજડ થઈ પડી. તરત બધા વાવટા બારીઓથી ઉતારી લીધા. ભેગા થયલા લોકોની પ્રધાન ટોલીનાં વડા ઓલીવીએએ ખાતરી કીધી કે એ અફવા ખોટીછે અને એવી ખોટી અફવા ઉરાડનારાઓને પકડવામાં આવ્યાછે. આવી ખબરથી લોકો જરા નરમ પડયા; પણ લોકોનાં ઉશ્કેરાયલાં મન શાંત થયાં નહી. લોકો બાપોકારથી એક અવાજે બોલવા લાગ્યા કે રાજદરબારી કામકાજમાં તદન નવોજ ફેરફાર થવો જોઇયે. ઘણાક તુફાની માણસોને પકડવામાં આવ્યા. બે ત્રણ દહાડામાં પ્રજાસત્તાક ટોલીનાં સભાસદોમાંથી ૧૭ નાયબો, જેઓમાં મોસીઉ જુલ્સ ફાવ, ગ્રે અને પિકાર્ડ એઓની સહી સુધાંનું એક જાહેરનામું છપાયું જેની મારફતે પેરિસનાં તમામ રહેવાશીઓને એકદમ હથિયાર બાંધી તૈયાર થવાનો હોકમ થયો. વધારે ધામધુમ મચી રહી, શેહેરનાં મુખ્ય ભાગો ઉપર લોકો એકઠાં થવા લાગ્યાં. પોલીસનાં શિપાઇઓ તેઓને મારી હઠાવવા લાગ્યા. સેનેટમાં તથા ધારા સંબંધી કૌન્સિલમાં તરેહવાર ગોઠવણો કરવાની ભલા[illegible] થવા લાગી. ધારા સંબંધી વહિવટ ચલાવનારી સભાનો એક સભાસદે એવી દરખાસ્ત કીધી કે જનરલ ત્રોષુને પ્રધાન ટોળીનો વડો ઠેરવવો અને જુલ્સ ફાવે એવી એલતેમા[illegible] કે શેહેરનાં બચાવને માટે એક કમીટી ઉભી કરવી [illegible] આએ વખતે જાણીતી થયલી મોસીઉ ઓલીવીએની ટોળી ભાગી. એ પ્રધાન ટોળીની મરજી ઉપરાંત કે લડાઈ ઉઠી ઉભી કીધી હતી પણ અભાગ્યા ફ્રાન્સ સ[illegible] તે પણ બેનસીબ થઈ પડી અને સાંમી લોકોનાં ઠપકામ[illegible] આવી પડી.

જુલ્સ ફાવે તરત જાહેર કીધું કે પેરિસમાં અને બિજા ડીપાર્ટમેંટ વાળાઓમાં નેશનલ ગાર્ડસ એકદમ ઉભા કરવા જોઇયે તે સાથ લશ્કરી સર્વ ગોઠવણો કરી રાખવી જોઇયે. વળી શાહા લશ્કરી સરદારી ભોગવવાને અશકતછે તેટલા સારૂ લશ્કરી સરદારી છોડી દેવી જોઇયે અને દેશનાં બચાવની સર્વ ગોઠવણ ધારા સંબંધી ટોળીએ પુરવી જોઇયે. કૌંટ કેરાત્રીએ જાહેર કીધું કે શાહાને તખ્ત ઉપરથી ઉઠાડી દેવો જોઇયે, એ ઉપરથી અતિઘણો ગભરાટ મચી રહ્યો. સભાસદો એકબિજા સામું પુરે [illegible] બોલવા લાગ્યા. બોલતા બોલતા ગાળાગાળી ઉપર [illegible] ગયા અને હાથોહાથ થઈ એકબિજા સાથ જંગલી જ[illegible] મિસાલ મરાવા લાગ્યા. એક શખ્સ શેહેનશાહાતની સામે બોલવ[illegible] યો. શાહાની સલામતી માત્ર લશ્કરી ફતેહ [illegible] મોટી ફતેહ ઉપર ટકી રહી હતી. [illegible] માટે તેવી ફતેહે પોતાનો મુબારક ચેહે[illegible]

બરલીનમાં ખુ[illegible]

પેલી તરફ બરલીન શેહે[illegible]
ગડબડ હતી નહી; પણ તે [illegible]
જુદીજ તરેહની હતી. ત્ય[illegible]
કળતા હતા, ત્યાંહાં લોકો [illegible]
એક ફ્રેન્ચ બંધવાને ઘણી [illegible]
નીનાં જૂદા જૂદા શેહેર [illegible]
નહી ધારેલી મુદતમાં [illegible]
રાજ જેટલી ઉંચાઈથી [illegible]
બાહાદુર અને કલાકૌશ[illegible]

પ્રકરણ ૪ થું.

ાર્શલ બાઝેન— પરાંસાપરી મેળવેલી જિતથી જર્મનોનાં મગજ ઉપર અસર—માર્શલ મેકમેહોનનાં લશ્કરની હાલત—જર્મનો પેરિસ તરફ વ‌! ‌ ‌ ‌ ‌ નને જૂદાં જૂદાં શેહેરો હાથ કીધાં—શેહનશાહા ઉલિયમનો ફ્રેન્ચ લોકો ઉપર ઢંઢેરો—મેટઝનાં કિલ્લા આગળ લડાઇ—વીઓનવીલની લડાઇ—ગ્રવેલોટની લડાઇ—જર્મનો ઇંગ્લન્ડ તરફ કુચ.



માર્શલ બાઝેન.

ો શાહદત ઉપરથી, જમાનાં-
ાથા સુધરેલા અને પ્રસિદ્ધ
થતી લડાઇઓથી ઘણીક
ેનશાહ, જે અમલદાર,
, દેશનો બચાવ પોતાના
ં જહનુન દાબી નાખી
ા ખબરદાર, જેટલો શ-
યંકાર લડાઈની વખતે
ાય તે પોતાના
ન ઓઈ
ન-

ારે હાલની યુરોપની લડાઈમાં નજરે પડેછે. જોકે શે-
હનશાહ નેપોલિયન એક સરસમાં સરસ રાજદરબારી
તરીકે નજદીક વીસ વર્ષ સુધી આખાં યુરોપનાં ઘોડાઓને
પોતાની કળા કુશળ અને ખબરદારીની મજબૂત લગા-
મથી અમલમાં રાખી શક્યો તોપણ લડાઈનાં ઓહોળાં
મેદાનમાં તેનાં હાથમાં પકડેલી ઓસ્તવાર લગામ છુટી
ગઈ. પોતે જમીન ઉપર ટુટી પડયો અને તદ કચરાઈ
નહી જાઉં એવો વિચાર કરી પોતાનું કામ બીજાને સોંપી
સલામત જગ્યા ઉપર જઈ ઉભો. એક સંકટને વખતે
એક ઓહોલા લશ્કરની સરદારી ભોગવવાને પોતે શ-
ક્તિવાન નથી એવું ધારી શાહે તરત લશ્કરનું ઉપરીપણું